સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 06

[ 31/01/21 to 06/02/21 ]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


10% DISCOUNT

16-02-2021
સાંજે 4 થી 6

# જનરલ બેચ

RMC, સબ-ઓડિટર, હેડ કલાર્ક, તલાટી, નાયબ નિરીક્ષક, બિનસચિવાલય કલાર્ક

રાજકોટ offline

!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા

93757-01110 / 93280-01110


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**31 JAN-2021**

- યુનાઈટેડ નેશન્સનો 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ' ........ 02
- કર્નલ સંતોષ બાબુ મરણોપરાંત મહાવીર ચક્ર પુરસ્કારથી સન્માનિત........ 03
- રાષ્ટ્રપતિશ્રીએ 40 વ્યક્તિઓને જીવનરક્ષા પદક શ્રેણી-2020 એનાયત કરવા મંજૂરી આપી........ 04
- કોલકાતાની પ્રથમ યુવાન વાચકોની બોટ લાઈબ્રેરી........ 05
- QUESTION ANSWERS ........ 06

**01 FEB-2021**

- દિવસ મહિમા : 1 ફેબ્રુઆરી, ભારતીય તટરક્ષક દિવસ (Indian Coast Guard Day)........ 07
- તમિલનાડુએ બરોડાને હરાવી સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીમાં વિજય મેળવ્યો........ 07
- કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને સંસદમાં આર્થિક સર્વે 2020-21 રજૂ કર્યો........ 09
- રિલાયન્સ જિયો વૈશ્વિક સ્તરે, પાંચમી સૌથી મજબૂત બ્રાન્ડ બની........ 10
- QUESTION ANSWERS ........ 11

**02 FEB-2021**

- દિવસ મહિમા : 2 ફેબ્રુઆરી, વિશ્વ આર્દ્રભૂમિ દિવસ (World Wetland Day)........ 13
- કેન્દ્રના શિક્ષણ મંત્રાલયના STARS પ્રોજેક્ટ માટે વિશ્વ બેંક સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા ........ 14
- કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં ભારત 86મા ક્રમે રહ્યું........ 15
- QUESTION ANSWERS ........ 16

**03 FEB-2021**

- એરો ઈન્ડિયા શોની 13મી આવૃત્તિનું આયોજન બેંગાલુરુ ખાતે કરવામાં આવ્યું........ 17
- ભારત-જાપાન એક્ટ ઈસ્ટ ફોરમની પાંચમી સંયુક્ત બેઠક નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવી........ 18
- કેરળના કોઝીકોડ ખાતે વિશ્વનો પ્રથમ જેન્ડર પાર્ક કાર્યરત થશે........ 20
- 'વેક્સિન મૈત્રી ઈનિશિયેટીવ' શ્રીલંકા સુધી વિસ્તારવામાં આવી........ 21
- QUESTION ANSWERS ........ 22

**04 FEB-2021**

- દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)........ 24
- EIUના લોકશાહી સૂચકાંકમાં ભારત 53મા ક્રમાંકે........ 24
- શ્રી આર. એસ. શર્માની આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)ના CEO તરીકે નિમણૂક કરવામાં આવી........ 26
- 'પ્રબુદ્ધ ભારત'ની 125મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે વડાપ્રધાનશ્રીનું સંબોધન........ 27
- QUESTION ANSWERS ........ 28

**05 FEB-2021**

- પ્રજાસત્તાક દિન પરેડ 2021 એવોર્ડ્સ ........ 30
- ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફ્ટ T-81 મુંબઈ ખાતે સેવાનિવૃત્ત થયું........ 31
- ઐતિહાસિક ચૌરી ચૌરા ઘટનાની 100મા વર્ષની ઉજવણી........ 33
- એશિયા-પેસિફિક પર્સનલાઈઝ્ડ હેલ્થ ઈન્ડેક્સમાં ભારત 10મા ક્રમાંકે રહ્યું........ 34
- QUESTION ANSWERS ........ 36

**06 FEB-2021**

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા પલ્સ પોલિયો કાર્યક્રમ 2021ના પ્રથમ ચરણનો શુભારંભ કરાવવામાં આવ્યો........ 38
- સુશ્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે 8મા ભારત આંતરરાષ્ટ્રીય રેશમ મેળાનું ઉદ્ઘાટન ........ 39
- મિનિમમ સપોર્ટ પ્રાઈસ સ્કિમ અંતર્ગત વધારે 14 માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસ ઉત્પાદનોને સમાવવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી........ 40
- QUESTION ANSWERS ........ 41

**ONE LINER** ........ 42

**QUESTION OF THIS WEEK** ........ 48


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુનાઈટેડ નેશન્સનો 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ'

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સનો 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ' જારી કરવામાં આવ્યો હતો, આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં વિશ્વના અર્થતંત્રમાં 4.7%નો સુધારો થવાની ધારણા છે.

- કોવિડ-19 મહામારીને કારણે વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્રમાં 4.3%નો ઘટાડો થયો હતો.

### અહેવાલના મુખ્ય તારણો

યુનાઈટેડ નેશન્સના 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ'માં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે વર્ષ 2020માં વિકસિત અર્થતંત્રોમાં 5.6%નો ઘટાડો થયો હતો. જ્યારે વર્ષ 2021માં તેમાં 4%નો સુધારો થવાનો અંદાજ છે.

- વિકાસશીલ દેશોમાં વર્ષ 2020માં 2.5%નો ઘટાડો થયો હતો જ્યારે વર્ષ 2021 દરમિયાન તેમાં 5.7%નો સુધારો થવાનો અંદાજ છે.
- આ અહેવાલ મુજબ વર્ષ 2020માં વધુ 131 મિલિયન લોકો ગરીબીમાં ધકેલાઈ ગયા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ (WESP) રિપોર્ટ વિશે

વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ (WESP) રિપોર્ટ નીચેની સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે જાહેર કરવામાં આવ્યો હતો :

(1) યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)

(2) પાંચ યુનાઈટેડ નેશન્સ રિજનલ ઈકોનોમિક કમિશન્સ

(3) યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેયર્સ (UNDESA)

### યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) વિશે

UNCTADની સ્થાપના વર્ષ 1964માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા કાયમી આંતર સરકારી બોડી તરીકે કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના જિનિવા ખાતે આવેલું છે.
- આ સંસ્થા યુનાઈટેડ નેશન્સના સચિવાલયનો એક ભાગ છે જે વેપાર, રોકાણ અને વિકાસના અન્ય મુદ્દાઓ સાથે કામ કરે છે.

- વિકાસશીલ દેશોમાં વેપાર, રોકાણ અને વિકાસની તકો મહત્તમ કરવાના ઉદ્દેશ સાથે UNCTAD કામ કરે છે.
- આ સંગઠન તેના અહેવાલો યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC)ને સુપરત કરે છે.
- સામાન્ય રીતે આ સંગઠન ચાર વર્ષમાં એકવાર તેની બેઠકનું આયોજન કરે છે.

## કર્નલ સંતોષ બાબુ મરણોપરાંત મહાવીર ચક્ર પુરસ્કારથી સન્માનિત




રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 72મા પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્વ સંધ્યાએ રક્ષા પુરસ્કારોના વિજેતાઓના નામની જાહેરાત કરી હતી.

- આ પુરસ્કારોમાં મહાવીર ચક્ર, કીર્તિચક્ર, વીરચક્ર, શૌર્ય ચક્ર, સેનાપદક વગેરેનો સમાવેશ થાય છે.
- રાષ્ટ્રપતિશ્રીએ આ દરમિયાન કુલ 455 વીરતા પુરસ્કારોને મંજૂરી આપી હતી.
- આ જાહેરાતમાં એક મહાવીર ચક્ર, 5 કીર્તિ ચક્ર, 5 વીર ચક્ર અને 7 શૌર્ય ચક્રનો પણ સમાવેશ થાય છે.
- કર્નલ બી સંતોષ બાબુને મરણોપરાંત મહાવીર ચક્ર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. વર્ષ 2020ના ગાલવાન ઘાટી સંઘર્ષ દરમિયાન તેઓ 16 બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર હતા.
- શ્રી સંજીવ કુમાર, શ્રી શ્યામ નારાયણ સિંહ યાદવ, શ્રી વિનોદ કુમાર, શ્રી પિંટૂ કુમાર સિંહ અને શ્રી રાહુલ માથુરને કીર્તિ ચક્રથી સન્માનિત કરવામાં આવશે.
- શ્રી નુદ્રમ સોરેન, શ્રી કે. પલાની, શ્રી નાઈક દીપક અને શ્રી ગુરતેજ સિંહને વીર ચક્રથી સન્માનિત કરવામાં આવશે.

### મહત્ત્વપૂર્ણ સંરક્ષણ પુરસ્કાર

### પરમવીર ચક્ર

તે સર્વોચ્ચ વીરતા પુરસ્કાર છે.

- 26 જાન્યુઆરી, 1950ના રોજ તેની શરૂઆત કરવામાં આવી હતી.
- મેજર સોમનાથ શર્મા પરમવીર ચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરનારા પ્રથમ વ્યક્તિ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહાવીર ચક્ર

તે **બીજો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર** છે.

- **શ્રી જગમોહનનાથ મહાવીર ચક્ર** પ્રાપ્ત કરનારા **પ્રથમ વ્યક્તિ** છે.
- **મેજર સોમનાથ શર્મા** પરમવીર ચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરનારા **પ્રથમ વ્યક્તિ** છે.

## કીર્તિ ચક્ર

તે **નાગરિકો**ની સાથે–સાથે **સૈન્ય કર્મચારીઓ**ને પણ આપવામાં આવે છે.

- શાંતિ સમયના વીરતા પુરસ્કારોમાં તે બીજા ક્રમનો પુરસ્કાર છે.

## વીર ચક્ર

તે યુદ્ધના મેદાનમાં દુશ્મનની હાજરીમાં વીરતાના કાર્યો માટે આપવામાં આવે છે.

## શૌર્ય ચક્ર

તે દુશ્મન સાથેની આડકતરી લડત દરમિયાન હિંમતવાન કાર્ય અથવા આત્મબલિદાન માટે આપવામાં આવે છે.

- શાંતિ સમયના વીરતા પુરસ્કારોમાં તે ત્રીજા ક્રમનો પુરસ્કાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# રાષ્ટ્રપતિશ્રીએ 40 વ્યક્તિઓને જીવનરક્ષા પદક શ્રેણી-2020 એનાયત કરવા મંજૂરી આપી

**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે** તાજેતરમાં **40 વ્યક્તિઓને જીવનરક્ષા પદક શ્રેણી-2020** એનાયત કરવા માટે મંજૂર આપી છે.

- જીવનરક્ષા પદક શ્રેણી-2020 અંતર્ગત **એક વ્યક્તિને સર્વોત્તમ જીવનરક્ષા પદક**, **8 વ્યક્તિઓને ઉત્તમ જીનરક્ષા પદક** અને **31 વ્યક્તિઓને જીવનરક્ષા પદક** એનાયત કરવામાં આવ્યો છે.
- **સર્વોત્તમ જીવન રક્ષા પદક મરણોપરાંત મુહમ્મદ મુહસિન**ને એનાયત કરવામાં આવ્યો છે. તેઓ **કેરલના વતની** હતા.

## જીવનરક્ષા પદક શ્રેણી-2020 વિશે

તે વ્યક્તિના જીવનને બચાવવા માટેના માનવ પ્રકૃતિના યોગ્ય કાર્યને માન્યતા આપે છે.

- આ પુરસ્કાર મરણોત્તર પણ આપી શકાય છે.
- આ પુરસ્કાર શ્રેણીની **સ્થાપના વર્ષ 1961**માં કરવામાં આવી હતી.
- સર્વોત્તમ જીવનરક્ષા પદક, ઉત્તમ જીવન રક્ષા પદક અને જીવનરક્ષા પદક એ આ શ્રેણી અંતર્ગતના પુરસ્કારો છે.

# કોલકાત્તાની યુવા વાચકો માટેની પ્રથમ બોટ લાઈબ્રેરી



**પશ્ચિમ બંગાળ પરિવહન નિગમ** દ્વારા **કોલકાત્તા**માં **યુવા વાચકો** માટે **પ્રથમ બોટ લાઈબ્રેરી** શરૂ કરવામાં આવી છે.

- **હેરિટેજ બુક સ્ટોર**ના સહયોગથી આ લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે.
- તેના પ્રકારની આ પ્રથમ પહેલ છે.

## બોટ લાઈબ્રેરી વિશે

આ બોટ લાઈબ્રેરી કોલકાત્તામાં આવેલી **હુગલી નદી ઉપર** ફરશે જેમાં 500 કરતાં વધુ અંગ્રેજી અને બેંગાલી ભાષાના પુસ્તકો ઉપલબ્ધ હશે.

- બોટ લાઈબ્રેરી દ્વારા લોકોને ત્રણ કલાક લાંબી મુસાફરીની સેવા પૂરી પાડવામાં આવશે.
- આ બોટ લાઈબ્રેરીમાં ફ્રી વાઈફાઈ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.
- પુખ્તવયના લોકો માટે રૂ. 100 અને બાળકો માટે રૂ. 50 રાઈડ–દરમિયાન વસૂલવામાં આવશે.

## હુગલી નદી

હુગલી નદીને અન્ય **'ભાગીરથી-હુગલી'**, **'ગંગા'** અને **'કટી-ગંગા'** જેવા વિવિધ નામોથી પણ ઓળખવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળમાં તે ગંગાનદીના વિતરક તરીકે લગભગ 260 કિલોમીટર સુધીની લંબાઈ ધરાવે છે.
- ગંગા નદી **પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ** નજીક **પદમા** અને **હુગલી** તરીકે ઓળખાય છે.
- પદમા નદી પૂર્વ તરફ **બાંગ્લાદેશ**માં આગળ વધે છે જ્યારે હુગલી નદી પશ્ચિમ બંગાળમાં કોલકાત્તામાં થઈને વહે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SUNDAY Questions

1. યુનાઈટેડ નેશન્સના 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ' રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં વિશ્વના અર્થતંત્રમાં કેટલા ટકાનો સુધારો થવાની ધારણા છે ?
(A) 4.7% (B) 2.7% (C) 3.7% (D) 2.3% **(A)**

2. યુનાઈટેડ નેશન્સના 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ' રિપોર્ટ અનુસાર કોવિડ-19 મહામારીને કારણે વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્રમાં કેટલા ટકાનો ઘટાડો થયો હતો ?
(A) 4.7% (B) 4.3% (C) 3.7% (D) 3.3% **(B)**

3. યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)નું મુખ્યમથક કયા આવેલું છે ?
(A) વોશિંગ્ટન ડી. સી. (B) ન્યૂયોર્ક (C) જિનિવા (D) મ્યુનિચ **(C)**

4. તાજેતરમાં કોને મહાવીર ચક્ર પુરસ્કાર કરવામાં આવ્યો છે ?
(A) શ્રી રાહુલ માથુર (B) શ્રી વિનોદ કુમાર
(C) શ્રી શ્યામ નારાયણસિંહ યાદવ (D) કર્નલ સંતોષ બાબુ **(D)**

5. રાષ્ટ્રપતિશ્રીએ 72મા પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્વ સંધ્યાએ કેટલા વીરતા પુરસ્કારોને મંજૂરી આપી છે ?
(A) 455 (B) 355 (C) 255 (D) 480 **(A)**

6. નીચેના પૈકી સર્વોચ્ચ વીરતા પુરસ્કાર કયો છે ?
(A) મહાવીર ચક્ર (B) પરમવીર ચક્ર (C) વીરચક્ર (D) શૌર્યચક્ર **(B)**

7. પરમવીર ચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરનારા પ્રથમ વ્યક્તિનું નામ જણાવો ?
(A) શ્રી જગમોહન નાથ (B) કર્નલ સંતોષબાબુ
(C) મેજર સોમનાથ શર્મા (D) શ્રી ગુરતેજ સિંહ **(C)**

8. તાજેતરમાં ભારતના કયા શહેરમાં યુવાન વાચકો માટે બોટ લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે ?
(A) બેંગાલુરૂ (B) પટના (C) વિશાખાપટ્ટનમ (D) કોલકાત્તા **(D)**

9. રાષ્ટ્રપતિશ્રીએ તાજેતરમાં કેટલા વ્યકિતઓને જીવનરક્ષા પદક શ્રેણી-2020 એનાયત કરવા મંજૂરી આપી છે ?
(A) 42 (B) 41 (C) 40 (D) 39 **(C)**

10. સર્વોત્તમ જીવનરક્ષા પદક મરણોપરાંત મુહમ્મદ મુહસિનને એનાયત કરવામાં આવ્યો છે, તેઓ કયા રાજ્યના વતની હતા ?
(A) કેરલ (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 1 ફેબ્રુઆરી, ભારતીય તટરક્ષક દિવસ (Indian Coast Guard Day)



ભારતમાં દર વર્ષે 1 ફેબ્રુઆરીના રોજ 'ભારતીય તટરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતીય કોસ્ટગાર્ડનું ગઠન 1 ફેબ્રુઆરી, 1977ના રોજ કરવામાં આવ્યું હતું. આથી વર્ષ 2021માં 45મા ભારતીય કોસ્ટગાર્ડ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
- ભારતીય તટરક્ષક દળ દુનિયાનું ચોથું સૌથી મોટું તટરક્ષક દળ છે.
- સમુદ્રના કિનારાની સુરક્ષા માટે કોસ્ટગાર્ડ જવાબદાર છે.
- કોસ્ટગાર્ડ સરહદથી થતી દાણચોરી અને ગેરકાયદે થતી ઘૂસણખોરીને અટકાવે છે.
- શ્રી કે. એફ. રૂસ્તમજી સમિતિની ભલામણને આધારે ભારતીય કોસ્ટગાર્ડની સ્થાપના કરવામાં આવી છે.
- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે. તેમજ મુંબઈ, ચેન્નાઈ, ગાંધીનગર, કોલકાતા અને પોર્ટ બ્લેયર ભારતીય કોસ્ટગાર્ડના પાંચ ક્ષેત્રીય મુખ્યમથકો છે.
- તે કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તેનું આદર્શ વાકય 'વયમ્ રક્ષામઃ' (we Protect) છે.

**ICE FACT :**

(1) 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી 4 ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તમિલનાડુએ બરોડાને હરાવી સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીમાં વિજય મેળવ્યો

અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં તમિલનાડુ અને બરોડા વચ્ચે ફાઈનલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમિલનાડુએ બરોડાને 7 વિકેટે હરાવી સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીમાં વિજય મેળવ્યો છે.

- તમિલનાડુની ટીમ બીજીવાર સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં વિજેતા બની છે. આ ટ્રોફી દરમિયાન શ્રી દિનેશ કાર્તિક તમિલનાડુની ટીમના કેપ્ટન હતા.
- આ અગાઉ વર્ષ 2006-07માં તમિલનાડુની ટીમ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં વિજેતા બની હતી.

## સૈયદ મુશ્તાક અલી ટ્રોફી વિશે

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીએ એક ઘરેલું <u>ટી-20 ક્રિકેટ ચેમ્પિયનશીપ</u> છે.

- તેનું આયોજન <u>બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI)</u> દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ 2019-20માં કર્ણાટક સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં વિજેતા બન્યું હતું.

## ભારતમાં રમવામાં આવતી સ્થાનિક ક્રિકેટ સ્પર્ધાઓ

### રણજી ટ્રોફી

રણજી ટ્રોફીની શરૂઆત <u>વર્ષ 1934</u>માં થઈ હતી.

- તે ભારતની સૌથી મોટી ઘરેલું ક્રિકેટ સ્પર્ધા છે.
- હાલમાં <u>તેમાં 38 ટીમો</u> ભાગ લે છે.
- ભારતીય ક્રિકેટ બોર્ડે તાજેતરમાં જાહેરાત કરી છે કોવિડ-19 87 મહામારીને કારણે વર્ષના ગાળામાં પ્રથમ વખત દેશની ટોચની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીનું આયોજન કરવામાં આવશે નહીં.

### દુલીપ ટ્રોફી

તે ભારતની ઘરેલું પ્રથમ શ્રેણીની ક્રિકેટ સ્પર્ધા છે.

- તે <u>ઈન્ડિયા રેડ</u>, <u>ઈન્ડિયા બ્લુ</u> અને <u>ઈન્ડિયા ગ્રીન</u> ટીમો વચ્ચે રમવામાં આવતી ટ્રોફી છે.

### વિજય હઝારે ટ્રોફી

વિજય હઝારે ટ્રોફીને <u>'રણજી વન-ડે ટ્રોફી'</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેનું નામ પ્રખ્યાત ભારતીય ક્રિકેટર <u>શ્રી વિજય હઝારે</u>ના નામ પર રાખવામાં આવ્યું છે.

### દેવધર ટ્રોફી

આ ટ્રોફીનું નામ ભારતીય ક્રિકેટર <u>શ્રી બળવંત દેવધર</u>ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- આ ટ્રોફી અંતર્ગત <u>વિજય હઝારે ટ્રોફીના વિજેતાઓ</u> સામે <u>ઈન્ડિયા એ</u> અને <u>ઈન્ડિયા બી</u>ની ટીમો વચ્ચે મેચનું આયોજન કરવામાં આવે છે.

### ઈરાની ટ્રોફી

ઈરાની ટ્રોફીની શરૂઆત <u>વર્ષ 1960</u>માં થઈ હતી.

- તેનું આયોજન <u>રણજી ટ્રોફી</u> અને <u>રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમના ચેમ્પિયન</u> વચ્ચે કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને સંસદમાં આર્થિક સર્વે 2020-21 રજૂ કર્યો




29 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્રીય નાણાપ્રધાન **શ્રીમતી નિર્મલા સિતારામને સંસદમાં કોવિડ યોદ્ધાઓને સમર્પિત** આર્થિક સર્વે **2020-21** રજૂ કર્યો હતો.

- આર્થિક સર્વેક્ષણ 2020-21માં **નાણાકીય વર્ષ 2021-22** માટે ભારતનો વાસ્તવિક **GDP વૃદ્ધિ 11%** થવાનો અંદાજ છે.
- તેના અનુસાર નાણાકીય વર્ષ 2021-22 માટે **નોમિનલ GDPની વૃદ્ધિ 15.4%** થવાનો અંદાજ છે, **જે આઝાદી પછીનો સૌથી વધુ** છે.
- મુખ્ય આર્થિક સલાહકાર (CEA) શ્રી ક્રિષ્નામૂર્તિ સુબ્રમણિયનના જણાવ્યા અનુસાર વીજળી, ઈ–વે બિલ, GST કલેક્શન અને સ્ટીલ વપરાશની તીવ્ર માંગને કારણે **'V-આકાર'**માં આર્થિક સુધારો જોવા મળી રહયો છે.

### આર્થિક સર્વેક્ષણ વિશે

આર્થિક સર્વેએ મુખ્ય વાર્ષિક દસ્તાવેજ છે જે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસની સમીક્ષા કરે છે.

- આ સર્વેક્ષણ પાછલા નાણાકીય વર્ષના અર્થવ્યવસ્થાના વિકાસની સમીક્ષા કરે છે અને બજેટનું સર્વગ્રાહી પૂર્વાવલોકન રજૂ કરે છે.
- તે **કેન્દ્રીય નાણાંમંત્રાલય**ના **આર્થિક બાબતોના વિભાગ** દ્વારા બહાર પાડવામાં આવે છે.
- દેશના **મુખ્ય આર્થિક સલાહકાર શ્રી ક્રિષ્નામૂર્તિ સુબ્રમણિયન** છે.
- કેન્દ્રીય બજેટના ભાગરૂપે **વર્ષ 1950-51**માં **ભારતનો પ્રથમ આર્થિક સર્વે** રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1964થી આર્થિક સર્વેને બજેટથી અલગ કરવામાં આવ્યો હતો. અને દર વર્ષે બજેટની રજૂઆત પહેલાં બજેટ સત્ર દરમિયાન તે રજૂ કરવામાં આવે છે.

## રિલાયન્સ જિયો વૈશ્વિક સ્તરે પાંચમી સૌથી મજબૂત બ્રાન્ડ બની

વિશ્વની સૌથી મજબૂત બ્રાન્ડ માટેની **'ફાઈનાન્સ ગ્લોબલ 500 રેન્કિંગ 2021'**માં **રિલાયન્સ જિયોને પાંચમું સ્થાન** પ્રાપ્ત થયું છે.

- શ્રી મુકેશ અંબાણીના રિલાયન્સ જિયો વેન્ચરે ફક્ત ચાર વર્ષ જેટલા ટૂંકાગાળામાં ફેરારી અને કોકાકોલા જેવી વૈશ્વિક બ્રાન્ડ સાથેની હરોળમાં સ્થાન મેળવ્યું છે.

### બ્રાન્ડ ફાઈનાન્સ ગ્લોબલ 500 રેન્કિંગ 2021 અનુસાર વિશ્વની ટોચની 5 બ્રાન્ડ

1. વી–ચેટ
2. ફેરારી
3. સ્બેર બેંક ઓફ રશિયા
4. કોકા–કોલા
5. રિલાયન્સ જિયો

### રિલાયન્સ જિયો વિશે

રિલાયન્સ જિયો એ એક ભારતીય **ટેલિકમ્યુનિકેશન્સ** કંપની છે અને **જિયો પ્લેટફોર્મ્સની પેટા કંપની** છે.

- તેની સ્થાપના **વર્ષ 2016**માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે આવેલું છે.
- આ કંપની રાષ્ટ્રીય LTE નેટવર્કને ચલાવે છે અને દેશના તમામ 22 ટેલિકોમ સર્કલને આવરી લે છે.
- રિલાયન્સ જિયોના વર્તમાન અધ્યક્ષ શ્રી મુકેશ અંબાણી છે.

**ICE FACT :**

(1) LTEનું પૂરું નામ **'Long-Term Evolution'** છે.



## MONDAY Questions

1. 'ભારતીય તટરક્ષક દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 31 જાન્યુઆરી **(A)**

2. વર્ષ 2021માં કેટલામાં ભારતીય તટરક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 44 (B) 45 (C) 46 (D) 43 **(B)**

3. 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ડિસેમ્બર **(D)**

4. સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીમાં તાજેતરમાં કયા રાજ્યની ટીમ વિજેતા બની છે ?

(A) કર્ણાટક (B) હિમાચલ પ્રદેશ

(C) તમિલનાડુ (D) પશ્ચિમ બંગાળ **(C)**

5. સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીની ફાઈનલ મેચમાં કઈ ટીમનો તમિલનાડુની ટીમ સામે પરાજય થયો હતો ?

(A) બરોડા (B) ગુજરાત (C) હરિયાણા (D) કર્ણાટક **(A)**

6. નીચેના પૈકી ક્રિકેટની કઈ ટ્રોફી ઈન્ડિયા રેડ, ઈન્ડિયા બ્લૂ અને ઈન્ડિયા ગ્રીન વચ્ચે રમવામાં આવે છે ?

(A) રણજી ટ્રોફી (B) દુલીપ ટ્રોફી

(C) વિજય હઝારે ટ્રોફી (D) ઈરાની ટ્રોફી **(B)**

7. આર્થિક સર્વેક્ષણ 2020-21 બાબતે સાચા વિધાન/વિધાનો જણાવો ?

1. આ સર્વેક્ષણ કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
2. આ સર્વે અનુસાર નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ 11% થવાનો અંદાજ છે.
3. તેમાં નાણાકીય વર્ષ 2021-22 માટે નોમિનલ GDPની વૃદ્ધિ 15.4% થવાનો અંદાજ છે.

(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. કયા વર્ષથી આર્થિક સર્વેને બજેટથી અલગ કરવામાં આવ્યો છે ?

(A) વર્ષ 1960 (B) વર્ષ 1964 (C) વર્ષ 1970 (D) વર્ષ 1980 **(B)**

9. રિલાયન્સ જિયો વૈશ્વિક સ્તરે તાજેતરમાં કેટલામાં નંબરની મજબૂત બ્રાન્ડ બની ?

(A) પાંચમી (B) ચોથી (C) ત્રીજી (D) બીજી **(A)**

10. 'બ્રાન્ડ ફાઈનાન્સ ગ્લોબલ 500 રેન્કિંગ 2021' અનુસાર વિશ્વની ટોચની બ્રાન્ડ કઈ છે ?

(A) ફેરારી (B) સ્બેર બેંક ઓફ રશિયા

(C) કોકા–કોલા (D) વી–ચેટ **(D)**

PSI/ASIની ગંભીર તૈયારી ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જ

PSI / ASI

નવી બેચ OFFLINE

10% DISCOUNT


| રાજકોટ | અમદાવાદ | ગાંધીનગર | જૂનાગઢ |
|---|---|---|---|
| 11-02-2021 | 09-02-2021 | 16/02/2021 | 15/02/2021 |
| 93757-01110<br>93280-01110 | 84695-01110<br>84696-01110 | 81406-01110<br>81407-01110 | 76985-01110<br>76986-01110 |

!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા

ગુજરાત પોલીસમાં 1270થી વધુ સફળ વિદ્યાર્થીઓ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 2 ફેબ્રુઆરી, વિશ્વ આર્દ્રભૂમિ દિવસ (World Wetland Day)




સમગ્ર વિશ્વમાં દર 2 ફેબ્રુઆરીએ 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ (World Weltand Day)'ની ઉજવણી કરવામાં આવે છે.

- આર્દ્રભૂમિ એવો દલદલીય તથા પાણીવાળો વિસ્તાર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના કોઈ એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે શાંત કે વહેતુ પાણી, ખારું કે મીઠું પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી જળજમાવ ક્ષેત્રની ઊંડાઈ 6 મીટરથી વધારે નથી હોતી.
- આર્દ્રભૂમિએ જીવજંતુ, કીટકો તથા વનસ્પતિની દુર્લભ પ્રજાતિનું નિવાસ સ્થાન છે.
- આ ક્ષેત્ર પોષકતત્વોનું નિવાસ સ્થાન છે તથા ઝેરીલા તત્વોને નિષ્ક્રિય કરે છે આથી તેને 'પ્રકૃતિની કિડની' પણ કહેવામાં આવે છે.
- વર્ષ 1971માં આર્દ્રભૂમિના સંરક્ષણ માટે ઈરાનમાં એક બહુપક્ષીય સમજૂતી થઈ જેને રામસર સંમેલનના નામથી પણ ઓળખવામાં આવે છે. ભારત આ સંમેલનમાં વર્ષ 1982માં સમાવિષ્ટ થયો હતો.
- વર્ષ 2021ના 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ'ની થીમ 'Weltands and Water' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE FACTS :**

(1) કેન્દ્ર સરકારે તાજેતરમાં લદાખના ત્સોકાર વેટલેન્ડ સંકુલને દેશના 42મા રામસર સ્થળ તરીકે ઉમેર્યું છે.

(2) ગુજરાતમાં આવેલ એકમાત્ર રામસર સ્થળ 'નળ સરોવર પક્ષી અભયારણ્ય' છે.

(3) ભારતનું સૌથી મોટું રામસર સ્થળ ઓડિશામાં આવેલ ચિલ્કા તળાવ છે.

(4) ભારતની પ્રથમ રામસર સાઈટો ચિલ્કા તળાવ (ઓડિશા) અને કેવલાદેવ નેશનલ પાર્ક (રાજસ્થાન) હતી.

(5) ઉત્તરપ્રદેશમાં 8 રામસર સ્થળો આવેલા છે તેમજ તે સૌથી વધુ રામસર સ્થળો ધરાવતું ભારતનું રાજ્ય છે.

# કેન્દ્રના શિક્ષણ મંત્રાલયના STARS પ્રોજેક્ટ માટે વિશ્વ બેંક સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા




28 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અંતર્ગતના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ અને વિશ્વ બેંક વચ્ચે 'STARS પ્રોજેક્ટ' માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના STARS પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઓક્ટોબર 2020માં મંજૂરી આપવામાં આવી હતી.

## STARS પ્રોજેક્ટ વિશે

STARS પ્રોજેક્ટ અંતર્ગત STARSનું પૂરું નામ **'Strengthening Teaching-Learning and Results for States'** છે.

- કેન્દ્ર સરકાર દ્વારા પ્રોત્સાહિત આ યોજના શાળા શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવી હતી.
- ભારતના છ રાજ્યોમાં શાળા શિક્ષણની ગુણવત્તા અને શાસન સુધારવાના હેતુથી વિશ્વ બેંક સાથે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત 6 રાજ્યો કેરલ, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઓડિશાનો સમાવેશ થાય છે.
- સ્ટાર્સ પ્રોજેક્ટ અંતર્ગત 1.5 મિલિયન શાળાઓના 6થી 17 વર્ષની વય જૂથના આશરે 250 મિલિયનથી વધારે વિદ્યાર્થીઓને લાભ થશે.
- વિદ્યાર્થીઓ ઉપરાંત 6 રાજ્યોના 10 મિલિયનથી વધુ શિક્ષકોને પણ આ આ પ્રોજેક્ટનો લાભ મળશે.
- કેન્દ્ર સરકારના લક્ષ્ય **'Education for All'**ને આ પ્રોજેક્ટ દ્વારા સમર્થન મળી રહ્યું છે.

## STARS પ્રોજેક્ટ માટે ભંડોળ

સ્ટાર્સ પ્રોજેક્ટની કુલ કિંમત રૂ. 5,718 કરોડ છે.

- વિશ્વ બેંકે આ પ્રોજેક્ટ માટે આશરે 3,700 કરોડ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડી છે.
- આ માટેની લોન વિશ્વ બેંકની ધિરાણ આપતી સંસ્થા ઇન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ (IBRD) દ્વારા પૂરી પાડવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD) વિશે

- IBRDએ આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1944માં કરવામાં આવી હતી.
- IBRDનું મુખ્યમથક <u>અમેરિકાના વોશિંગ્ટન ડી.સી.</u> ખાતે આવેલું છે.
- તે મધ્યમ આવક ધરાવતા વિકસતા દેશોને લોન આપે છે.

## કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં ભારત 86મા ક્રમે રહ્યું

તાજેતરમાં <u>સિડની સ્થિત લોવી ઈન્સ્ટિટયૂટ</u> દ્વારા <u>કોવિડ-19 રિસ્પોન્સ ઈન્ડેક્સ</u>ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ સૂચકાંક કન્ફર્મ કેસ, 10 લાખ લોકોએ કેસની સંખ્યા, 10 લાખ લોકોએ મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વગેરે જેવા પરિમાણોને આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

### કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સના મુખ્ય તારણો

ભારત <u>98 દેશો</u>ના <u>કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં 86મા ક્રમાંકે</u> રહયો છે.

- આ અહેવાલ અનુસાર <u>ન્યુઝીલેન્ડ</u> દ્વારા વિશ્વના અન્ય દેશો કરતા મહામારીના સમયમાં <u>સર્વશ્રેષ્ઠ પ્રદર્શન</u> કરવામાં આવ્યું છે.
- આ અહેવાલ અનુસાર <u>ન્યુઝીલેન્ડ</u> બાદ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા દેશોમાં <u>વિયેતનામ</u>, <u>તાઈવાન</u>, <u>થાઈલેન્ડ</u> અને <u>સાયપ્રસ</u>નો સમાવેશ થાય છે.
- આ યાદીમાં સૌથી છેલ્લા ક્રમાંકે બ્રાઝીલ રહયો છે.
- પાંચમા ક્રમાંકે ખરાબ પ્રદર્શન કરનાર દેશ તરીકે અમેરિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ અનુસાર ટોચના દેશો

| | | |
|---|---|---|
| 1. ન્યુઝીલેન્ડ | 2. વિયેતનામ | 3. તાઈવાન |
| 4. થાઈલેન્ડ | 5. સાઈપ્રસ | |

### લોવી ઈન્સ્ટિટયૂટ વિશે

લોવી ઈન્સ્ટિટયૂટએ <u>ઓસ્ટ્રેલિયાના સિડની સ્થિત સ્વતંત્ર થિંક ટેન્ક</u> છે.

- તેની સ્થાપના <u>એપ્રિલ 2003</u>માં <u>શ્રી ફ્રેન્ક લોવી</u> દ્વારા કરવામાં આવી હતી.
- આ થિંક ટેંક આંતરરાષ્ટ્રીય રાજકીય, વ્યૂહાત્મક અને આર્થિક મુદ્રાઓ અંગે સંશોધન હાથ ધરે છે.

1. 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   (A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી — (A)

2. 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ 2021'ની થીમ જણાવો ?
   (A) Wetlands and Biodiversity (B) Wetlands and Pollution
   (C) Wetlands and Water (D) Wetlands and Air — (C)

3. કેન્દ્ર સરકારે તાજેતરમાં STARS પ્રોજેક્ટ માટે વિશ્વ બેંક સાથે હસ્તાક્ષરો કર્યા છે, STARS પ્રોજેક્ટએ કયા કેન્દ્રીય મંત્રાલયનો પ્રોજેક્ટ છે ?
   (A) વિજ્ઞાન અને ટેકનોલોજી (B) શિક્ષણ મંત્રાલય
   (C) પર્યાવરણ મંત્રાલય (D) રેલવે મંત્રાલય — (B)

4. નીચેના પૈકી કયા રાજ્યનો STARS પ્રોજેક્ટ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો નથી ?
   (A) કેરલ (B) મહારાષ્ટ્ર
   (C) રાજસ્થાન (D) ગુજરાત — (D)

5. ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD)નું મુખ્યમથક કયા આવેલું છે ?
   (A) ન્યૂયોર્ક (B) વોશિંગ્ટન ડી.સી.
   (C) જિનિવા (D) પેરિસ — (B)

6. કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં ભારતે તાજેતરમાં કેટલામું સ્થાન મેળવ્યું છે ?
   (A) 80 (B) 87 (C) 86 (D) 90 — (C)

7. સિડની સ્થિત લોવી ઈન્સ્ટિટયૂટ દ્વારા જારી કરવામાં આવેલ કોરોના વાઈરસ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમાંકે કયો દેશ રહયો છે ?
   (A) ન્યુઝીલેન્ડ (B) અમેરિકા
   (C) બ્રાઝીલ (D) સ્પેન — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એરો ઈન્ડિયા શોની 13મી આવૃત્તિનું આયોજન બેંગાલુરુ ખાતે કરવામાં આવ્યું



તાજેતરમાં **એરો ઈન્ડિયા 2021ની 13મી આવૃત્તિનું** આયોજન **કર્ણાટકના બેંગાલુરુ** ખાતે 3 ફેબ્રુઆરીથી 5 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. તેમજ તેનું ઉદઘાટન **કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહ** દ્વારા કરવામાં આવ્યું હતું.

- એરો ઈન્ડિયા શોની આ આવૃત્તિમાં **ભારતીય એરફોર્સ, ભારતીય નેવી, હિન્દુસ્તાન એરોનોટિક્સ** અને **કોસ્ટગાર્ડના વિવિધ વિમાનો**એ ભાગ લીધો હતો.
- એરો ઈન્ડિયા શો દરમિયાન, **83 સ્વદેશી તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)**ના નિર્માણ માટે **48,000 કરોડ** રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)ના નિર્માણ માટે **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)** સાથે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરાર બાદ આગામી ત્રણ વર્ષમાં પ્રથમ એરક્રાફ્ટ ભારતીય વાયુસેનાને સોંપવામાં આવશે.
- આ એરો ઈન્ડિયા શોમાં હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોના સંરક્ષણ પ્રધાનોની કોન્કલેવનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોના **સંમેલનમાં 28 દેશો**એ ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એરો ઈન્ડિયા શો વિશે

એરો ઈન્ડિયા શોએ **દ્વિ વાર્ષિક હવાઈ** પ્રદર્શન છે. જેનું આયોજન **બેંગાલુરુ**માં આવેલા **યેલહંકીના વાયુસેના સ્ટેશન** ખાતે કરવામાં આવે છે.

- તેનું આયોજન **કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય** અંતર્ગત કરવામાં આવે છે.
- તે **એશિયાનું સૌથી મોટું હવાઈ** પ્રદર્શન છે.
- આ જાહેર હવાઈ પ્રદર્શન એરોસ્પેસ અને સંરક્ષણ ઉદ્યોગો માટેનું એક મુખ્ય પ્રદર્શન છે.

### એરો ઈન્ડિયા 2021નો લોગો

એરો ઈન્ડિયા 2021નો **લોગો તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) પરથી** પ્રેરિત હતો.

- આ લોગોના **મધ્યમાં અશોક ચક્રની** સાથે **તેજસ LCAના ત્રણ રંગના સિલહૂટનો** સમાવેશ કરવામાં આવ્યો હતો.

## તેજસ LCA વિશે

તેજસ LCAનું નિર્માણ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)** તથા **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)** દ્વારા કરવામાં આવ્યું છે.

- તેમજ તેની ડિઝાઈન સ્વદેશીરૂપથી **એરક્રાફ્ટ ડેવલપમેન્ટ એજન્સી (ADA)** દ્વારા કરવામાં આવી છે.
- તેજસએ ચોથી જનરેશનનું સિંગલ એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર ડિઝાઈનનું વિમાન છે.
- આ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)નું નામ 4 મે, 2003ના રોજ તત્કાલિન સમયના વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેયીએ** સત્તાવાર રીતે **'તેજસ'** રાખ્યું હતું.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસની **રેન્જ 3,000 કિ.મી.** છે તેમજ તેનું **વજન 6,500 કિલોગ્રામ** છે.

## ભારત-જાપાન એક્ટ ઈસ્ટ ફોરમની પાંચમી સંયુક્ત બેઠક નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવી

28 જાન્યુઆરી, 2021ના રોજ **ભારત-જાપાન એક્ટ ઈસ્ટ ફોરમની પાંચમી સંયુક્ત** બેઠકનું આયોજન **નવી દિલ્હી** ખાતે કરવામાં આવ્યું હતું.



- કેન્દ્રીય વિદેશ સચિવ શ્રી હર્ષવર્ધન શ્રીંગલા અને ભારત ખાતેના જાપાનના રાજદૂત શ્રી સુઝુકી સતોશી દ્વારા આ બેઠકની સહ અધ્યક્ષતા કરવામાં આવી હતી.
- આ એક્ટ ઈસ્ટ ફોરમમાં ભારત અને જાપાને ભારતના ઉત્તરપૂર્વીય ક્ષેત્રોમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી.
- આ બંને દેશોએ ભારત–જાપાન દ્વિપક્ષીય સહકાર હેઠળના કેટલાક ચાલી રહેલા તથા પ્રોજેક્ટ્સ પર પણ ચર્ચાઓ કરી હતી.
- બંને દેશોએ આ સમિટ દરમિયાન કૃષિ ઉદ્યોગો, આરોગ્ય સંભાળ, સ્માર્ટસિટી, પર્યટન, બામ્બુ વેલ્યુ ચેઈન ડેવલપમેન્ટ અને પીપલ–ટૂ–પીપલ એકસચેન્જીસ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગ અંગે પણ તેમના વિચારોની આપ–લે કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## એક્ટ ઈસ્ટ ફોરમ વિશે

એક્ટ ઈસ્ટ ફોરમની સ્થાપના વર્ષ 2017માં કરવામાં આવી હતી.

- આ મંચની સ્થાપના અંગેના કરાર પર હસ્તાક્ષર સપ્ટેમ્બર 2017માં જાપાનના વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેની ભારત મુલાકાત દરમિયાન કરવામાં આવ્યા હતા.
- આ પ્લેટફોર્મ ભારતની 'એક્ટ ઈસ્ટ પોલિસી' અને જાપાનની 'ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક'ને અનુરૂપ કાર્ય કરે છે.

## એક્ટ ઈસ્ટ પોલિસી વિશે

એક્ટ ઈસ્ટ પોલિસી નવેમ્બર 2014માં મ્યાનમારમાં યોજાયેલી પૂર્વ એશિયા સમિટમાં શરૂ કરવામાં આવી હતી.

- આર્થિક અને સુરક્ષા એકીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરીને આ પોલિસી શરૂ કરવામાં આવી હતી.
- આ નીતિ અંતર્ગત મુખ્યત્વે દક્ષિણપૂર્વ એશિયા અને પૂર્વ એશિયા જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.
- 'લુક ઈસ્ટ પોલિસી'માં ફેરફાર કરીને આ નીતિ તૈયાર કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લુક ઈસ્ટ પોલિસી વિશે

ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી પી. વી. નરસિંહરાવ દ્વારા વર્ષ 1991માં 'લુક ઈસ્ટ પોલિસી'ની શરૂઆત કરવામાં આવી હતી.

- આ પોલિસી દક્ષિણપૂર્વ એશિયાના દેશો સાથે વેપાર વધારવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવી હતી.
- આ પોલિસી વર્ષ 2014માં 'એક્ટ ઈસ્ટ પોલિસી' શરૂ કરવાની સાથે બંધ કરવામાં આવી હતી.

# કેરળના કોઝીકોડ ખાતે વિશ્વનો પ્રથમ જેન્ડર પાર્ક કાર્યરત થશે

- <u>કેરળના મુખ્યપ્રધાન શ્રી પિનરાય વિજયન</u> દ્વારા 11-13 ફેબ્રુઆરી, 2021ની વચ્ચે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન જેન્ડર ઈક્વાલિટીની બીજી આવૃત્તિનું ઉદ્દઘાટન તથા <u>જેન્ડર પાર્કનું</u> ઉદ્દઘાટન કરવામાં આવશે.
- આ પ્રસંગે કેરળના મુખ્યપ્રધાન દ્વારા <u>ઈન્ટરનેશનલ વુમન્સ ટ્રેડ એન્ડ રિસર્ચ સેન્ટર (IWTRC)</u>નો પાયો પણ નાંખવામાં આવશે.
- IWTRCની સ્થાપના મહિલા ઉદ્યમીઓ માટે સલામત અને ટકાઉ ઈકોસિસ્ટમ પ્રદાન કરવાના ઉદ્દેશથી કરવામાં આવશે.

## ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન જેન્ડર ઈક્વાલિટી (ICGE)

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન જેન્ડર ઈક્વાલિટી (ICGE)એ એક <u>જેન્ડર પાર્કની એક પહેલ</u> છે.

- મહિલાઓ તથા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની આર્થિક ક્ષમતાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ICGEની બીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે.
- મહિલાઓ તથા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની આર્થિક ક્ષમતાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ICGEની બીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે.
- ICGEની બીજી આવૃત્તિનું આયોજન નીચેની <u>થીમ</u> અંતર્ગત કરવામાં આવનાર છે :
  <u>'Gender in Sustainable Entrepreneurship and Social Business : The Mediating Role of Empowement'</u>
- યુનાઈટેડ નેશન્સ વુમનના સહયોગથી આ આવૃત્તિનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## જેન્ડર પાર્ક વિશે

જેન્ડર પાર્કની સ્થાપના <u>કેરળ સરકારે</u> <u>વર્ષ 2013માં</u> કરી હતી.

- લિંગ સમાનતા અને સશક્તિકરણ માટેની આ કેરળ સરકારની આ પહેલ છે.
- આ પહેલનું <u>મુખ્યમથક</u> કેરળની રાજધાની <u>તિરૂવનંતપુરમ</u> ખાતે આવેલું છે. જો કે, તેનું <u>મુખ્ય કેમ્પસ સિલ્વર હિલ્સ, કોઝીકોડ</u> ખાતે આવેલું છે.

- જેન્ડર પાર્કનું કેમ્પસ 24 એકર વિસ્તારમાં ફેલાયેલ છે.
- આ પાર્ક મુખ્યત્વે જાતિય ન્યાય પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- આ પાર્ક <u>સામાજિક ન્યાય વિભાગ</u> હેઠળ કાર્યરત થશે.
- આ પાર્ક <u>સમગ્ર વિશ્વમાં તેના પ્રકારનો પ્રથમ</u> છે.

## 'વેક્સિન મૈત્રી ઈનિશિયેટીવ' શ્રીલંકા સુધી વિસ્તારવામાં આવી




કેન્દ્ર સરકારે તાજેતરમાં તેનાં 'વેક્સિન મૈત્રી પહેલ'ને શ્રીલંકા સુધી વિસ્તારવાનો નિર્ણય કર્યો છે.

- આ કરાર અંતર્ગત ભારતે કોવિશિલ્ડ વેક્સિનના 5 લાખ ડોઝ શ્રીલંકાને ગ્રાન્ટ સહાય તરીકે મોકલ્યા છે.
- આ વેક્સિન મૈત્રી પહેલ અંતર્ગત આજદિન સુધીમાં સાત જેટલા પડોશી દેશોમાં લગભગ વૈક્સિનના 5 મિલિયન જેટલા ડોઝ પહોંચાડવામાં આવ્યા છે.

### વેક્સિન મૈત્રી પહેલ વિશે

કેન્દ્ર સરકાર દ્વારા 20 જાન્યુઆરી, 2021ના રોજ <u>'વેક્સિન મૈત્રી'</u> અથવા <u>'વેક્સિન ફ્રેન્ડશીપ'</u> નામની પહેલ શરૂ કરવામાં આવી હતી.

- આ પહેલ અંતર્ગત ભારત તેના <u>પડોશી દેશોને મેડ ઈન ઈન્ડિયા કોવિડ-19 રસીની સપ્લાય</u> કરશે.
- 'નેબરહુડ ફર્સ્ટપોલિસી'ના ભાગીદાર દેશોને પણ ભારત દ્વારા વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- <u>ભૂતાન</u> અને <u>માલદીવ</u> આ <u>પહેલ અંતર્ગત વેક્સિન મેળવનારા પ્રથમ દેશો</u> છે.
- આ બંને દેશો બાદ ભારતે બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર અને સેશેલ્સ જેવા દેશોને પણ વેક્સિનની મદદ પહોંચાડી છે.

1. એરો ઈન્ડિયા શોની તાજેતરમાં બેંગાલુરુ ખાતે કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે ?

(A) 12 (B) 13 (C) 14 (D) 15 **(B)**

2. એરો ઈન્ડિયા શોનું ઉદ્દઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) શ્રી અમિતભાઈ શાહ (B) શ્રી પ્રકાશ જાવડેકર
(C) શ્રી રાજનાથસિંહ (D) સુશ્રી સ્મૃતિ ઈરાની **(C)**

3. એરો ઈન્ડિયા શો વિશે સાચુ વિધાન/વિધાનો જણાવો ?

1. તે દ્વિવાર્ષિક હવાઈ પ્રદર્શન છે.
2. તેનું આયોજન કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કરવામાં આવે છે.
3. તે એશિયાનું સૌથી મોટું હવાઈ પ્રદર્શન છે.
4. એરો ઈન્ડિયા 2021નો લોગો તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) પરથી પ્રેરિત હતો.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3, 4 (D) 1, 2, 3, 4 **(D)**

4. ભારત–જાપાન એકટ ઈસ્ટ ફોરમની પાંચમી સંયુકત બેઠકનું તાજેતરમાં આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ?

(A) ટોકયો (B) નવી દિલ્હી (C) શિલોંગ (D) અગરતલા **(B)**

5. એકટ ઈસ્ટ ફોરમની સ્થાપના ભારત અને જાપાન દ્વારા કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 2015 (B) 2016 (C) 2017 (D) 2018 **(C)**

6. 'લુક ઈસ્ટ પોલિસી'ની શરૂઆત ભારતના કયા વડાપ્રધાન દ્વારા કરવામાં આવી હતી ?

(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી રાજીવ ગાંધી
(C) સુશ્રી ઈન્દિરા ગાંધી (D) શ્રી પી વી નરસિંહરાવ **(D)**

7. વિશ્વનો પ્રથમ જેન્ડર પાર્ક ભારતના કયા રાજ્યમાં કાર્યરત થશે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) તેલંગાણા (D) આંધ્રપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8. ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન જેન્ડર ઈક્વાલિટી (ICGE)ની બીજી આવૃત્તિનું આયોજન કઈ થીમ અંતર્ગત કરવામાં આવશે ?**

(A) Gender in sustainable Entrepreneurship and Social Business : The Mediating Role of Empowerment

(B) Gender Equility for Universe

(C) Gender in Sustainable Empowerment

(D) Gender Equility by UN

**(A)**

**9. વેકિસન મૈત્રી પહેલ અંતર્ગત ભારત કયા દેશોને મેડ ઈન ઈન્ડિયા કોવિડ-19 વેકિસન પૂરી પાડશે ?**

1. ભારત તેના પડોશી દેશોને મદદ કરશે.
2. નેબરહુડ ફર્સ્ટ પોલિસીના ભાગીદાર દેશોને મદદ કરશે.

(A) ફક્ત 1 ને (B) ફક્ત 2 ને

(C) 1 અને 2 પૈકી એક પણને નહી (D) 1 અને 2 બંનેને

**(D)**



## દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)

સમગ્ર વિશ્વમાં કેન્સર વિશે જાગૃતિ વધારવા તથા તેના નિવારણ, નિદાન અને સારવારને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે **4 ફેબ્રુઆરી**ના રોજ **'વિશ્વ કેન્સર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC)** દ્વારા **વર્ષ 2008**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- UICCનું મુખ્ય ધ્યેય **'વિશ્વ કેન્સર ઘોષણા, 2008'**ના લક્ષ્યો પ્રાપ્ત કરવાનું છે.
- UICCએ કેન્સર સામે લડત આપતી વૈશ્વિક સંસ્થા છે જેની સ્થાપના **વર્ષ 1933**માં કરવામાં આવી હતી અને તેનું મુખ્યમથક **સ્વિટ્ઝર્લેન્ડ**ના **જિનીવા** ખાતે આવેલું છે.

### વર્ષ 2019 થી 2021 સુધીની થીમ

**વર્ષ 2019થી 2021** સુધીની 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ **'I am and I will' (હું છું અને હું કરીશ)** છે.

## EIUના લોકશાહી સૂચકાંકમાં ભારત 53મા ક્રમાંકે

**ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)** દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા **લોકશાહી સૂચકાંક 2020માં ભારત 53મા** સ્થાને રહયો છે.

- EIU દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા વર્ષ 2019ના ડેમોક્રેસી ઈન્ડેકસમાં ભારત 51મા સ્થાને રહયો હતો.
- ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે **'Democracy in Sickness and in health'** શીર્ષક અંતર્ગત આ અહેવાલ રજૂ કર્યો છે.

### ડેમોક્રેસી ઈન્ડેકસ 2020ની મુખ્ય બાબતો

લોકશાહી સૂચકાંક 2020માં **167 દેશો**ને આવરી લેવામાં આવ્યા છે.

- આ સૂચકાંક અંતર્ગત વિવિધ દેશોને **ક્ષતિપૂર્ણ લોકશાહી**, **સંપૂર્ણ લોકશાહી**, **મિશ્ર લોકશાહી** અને **સરમુખત્યારશાહી શાસન** જેવા વિવિધ વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે.
- આ જાહેર કરવામાં આવેલા અહેવાલ અંતર્ગત **23 દેશો પૂર્ણ લોકશાહી**, **52 દેશો ક્ષતિપૂર્ણ લોકશાહી**, **35 દેશો મિશ્ર લોકશાહી** અને **57 દેશો સરમુખત્યારશાહી શાસન** ધરાવે છે.
- ડેમોક્રેસી ઈન્ડેકસ અંતર્ગત **નોર્વે પ્રથમ ક્રમાંકે** રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **બીજા, ત્રીજા, ચોથા** અને અને **પાંચમા ક્રમાંકે** અનુક્રમે **આઈસલેન્ડ, સ્વીડન, ન્યુઝીલેન્ડ અને કેનેડા**નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારત ગયા વર્ષની તુલનામાં આ વર્ષે બે સ્થાન પાછળ ગયું છે અને **53મા ક્રમાંકે** રહયું છે. તેમજ **ક્ષતિપૂર્ણ લોકશાહી** ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- શ્રીલંકા **68મા** ક્રમાંકે રહયુ છે અને તેને પણ ક્ષતિપૂર્ણ લોકશાહી ધરાવતા દેશોમાં સ્થાન મળ્યું છે.
- પાકિસ્તાનને આ ઈન્ડેક્સ અંતર્ગત 105મું સ્થાન મળ્યું છે અને તેને મિશ્ર લોકશાહી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.
- અફઘાનિસ્તાનને આ યાદીમાં 139મું સ્થાન મળ્યું છે અને તેને સરમુખત્યારશાહી શાસનની શ્રેણીમાં સ્થાન મળ્યું છે.
- **167મા** ક્રમ સાથે **નોર્થ કોરિયા સૌથી છેલ્લા નંબરે** રહયું છે.

**ડેમોક્રેસી ઈન્ડેક્સ 2020 અંતર્ગત વિવિધ દેશોનો ક્રમ**

| ક્રમ | દેશ | લોકશાહીની શ્રેણી |
|---|---|---|
| 1 | નોર્વે | પૂર્ણ લોકશાહી |
| 2 | આઈસલેન્ડ | પૂર્ણ લોકશાહી |
| 3 | સ્વીડન | પૂર્ણ લોકશાહી |
| 4 | ન્યુઝીલેન્ડ | પૂર્ણ લોકશાહી |
| 5 | કેનેડા | પૂર્ણ લોકશાહી |
| 53 | ભારત | ક્ષતિપૂર્ણ લોકશાહી |
| 68 | શ્રીલંકા | ક્ષતિપૂર્ણ લોકશાહી |
| 105 | પાકિસ્તાન | મિશ્ર લોકશાહી |
| 139 | અફઘાનિસ્તાન | સરમુખત્યારશાહી શાસન |
| 167 | નોર્થ કોરિયા | સરમુખત્યારશાહી શાસન |

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)

ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)નું મુખ્યમથક **યુનાઈટેડ કિંગડમ**ના **લંડન** ખાતે આવેલું છે.

- તે આર્થિક અને વ્યાવસાયિક સંશોધન દ્વારા આગાહી અને સલાહકારી સેવાઓ પ્રદાન કરતી વૈશ્વિક સંસ્થા છે.

## શ્રી આર. એસ. શર્માની આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)ના CEO તરીકે નિમણૂક કરવામાં આવી



આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના નવા CEO તરીકે શ્રી આર. એસ. શર્માની નિમણૂક 3 વર્ષના સમયગાળા માટે કરવામાં આવી છે.

- તેઓએ શ્રી ઈન્દુ ભૂષણનું સ્થાન લીધું છે કે જેઓએ તાજેતરમાં તેમનો 3 વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે.

### શ્રી આર. એસ. શર્મા વિશે

શ્રી આર. એસ. શર્માએ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના ચેરમેન તરીકે કાર્ય કર્યું છે.

- તેઓ કોવિડ-19 રસી વિતરણ તકનીક પ્લેટફોર્મ 'CO-WIN' માટેની ટેકનોલોજી અને ડેટા મેનેજમેન્ટના સશક્તિકરણ જૂથના વડા પણ છે.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) વિશે




પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાએ આયુષ્યમાન ભારત યોજના અંતર્ગતનો એક ઘટક છે.

- કેન્દ્ર સરકાર અંતર્ગત આ યોજના દેશના 40% લોકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે.
- PMJAYએ આયુષ્યમાન ભારતના બીજા ઘટક તરીકે મિશન મોડમાં છે.
- આયુષ્યમાન ભારત યોજનાના પ્રથમ ઘટક તરીકે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર છે જેના અંતર્ગત લોકોને તેમના ઘરની નજીકમાં જ પ્રાથમિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) ઝારખંડના રાંચી ખાતે 23 સપ્ટેમ્બર, 2018ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત દર વર્ષે કુટુંબદીઠ રૂ. 5 લાખનું કવર પ્રદાન કરવામાં આવે છે.
- યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC) પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી તેની શરૂઆત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) વિશે

નેશનલ હેલ્થ ઓથોરિટીએ આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના અમલીકરણ માટેની જાહેર આરોગ્ય વીમાનું સર્વોચ્ચ મંડળ છે.

- તેની સ્થાપના વર્ષ 2018માં કરવામાં આવી હતી.

## 'પ્રબુદ્ધ ભારત'ની 125મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે વડાપ્રધાનશ્રીનું સંબોધન

31 જાન્યુઆરી, 2021ના રોજ થયેલી 'પ્રબુદ્ધ ભારત'ની 125મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું.




- આ કાર્યક્રમનું આયોજન અદ્વૈત આશ્રમ, માયાવતી દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રબુદ્ધ ભારત વિશે

પ્રબુદ્ધ ભારત એ રામકૃષ્ણ મિશનનું અંગ્રેજી ભાષાનું માસિક સામયિક છે.

- આ મેગેઝિનની શરૂઆત વર્ષ 1896માં પી. ઐયાસામી, બી.આર. રાજ્ય ઐયર, જી.જી. નરસિમ્હાચાર્ય અને બી.વી. કામેશ્વર ઐયર દ્વારા સ્વામી વિવેકાનંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.
- દેશના પ્રાચીન આધ્યાત્મિક જ્ઞાનને ફેલાવવામાં પ્રબુદ્ધ ભારત પત્રિકાની બહુમૂલ્ય ભૂમિકા રહી છે.
- શ્રી નેતાજી સુભાષચંદ્ર બોઝ, શ્રી બાલ ગંગાધર તિલક, સુશ્રી સિસ્ટર નિવેદિતા, શ્રી અરવિંદો વગેરે જેવી ભારતની મહાન વિભૂતિઓએ આ સામયિક માટે લખાણો લખ્યા છે.
- પ્રબુદ્ધ ભારત સાયમિકનું પ્રકાશન મદ્રાસ (હાલના ચેન્નાઈ)થી શરૂ કરવામાં આવ્યું હતું.
- એપ્રિલ, 1899થી આ સામયિકનું પ્રકાશન અદ્વૈત આશ્રમ દ્વારા કરવામાં આવે છે.

## અદ્વૈત આશ્રમ

અદ્વૈત આશ્રમની સ્થાપના વર્ષ 1899માં કરવામાં આવી હતી.

- તે રામકૃષ્ણ મઠની એક શાખા હતી.
- આ આશ્રમ ઉત્તરાખંડમાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિશ્વ કેન્સર દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 3 ફેબ્રુઆરી (B) 4 ફેબ્રુઆરી (C) 5 ફેબ્રુઆરી (D) 2 ફેબ્રુઆરી (B)

2. 'વિશ્વ કેન્સર દિવસ 2021'ની થીમ જણાવો ?
(A) I am and I will (B) We are and we will
(C) I am and we will (D) We will defeat Cancer (A)

3. ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)ના લોકશાહી સૂચકાંક 2020 અંતર્ગત ભારતને કેટલામો ક્રમાંક મળ્યો છે ?
(A) 50 (B) 51 (C) 52 (D) 53 (D)

4. EIUના લોકશાહી સૂચકાંક અંતર્ગત સાચા વિધાન/વિધાનો જણાવો ?
1. આ અહેવાલ 'Democracy in Sickness and in health' શીર્ષક અંતર્ગત રજૂ કરવામાં આવ્યો છે.
2. આ સૂચકાંકમાં 167 દેશોને આવરી લેવામાં આવ્યા છે.
3. આ સૂચકાંક અંતર્ગત ભારતનો સમાવેશ ક્ષતિપૂર્ણ લોકશાહી ધરાવતા દેશોમાં કરવામાં આવ્યો છે.
4. આ સૂચકાંક અંતર્ગત પ્રથમ નંબરે નોર્વે દેશ રહયો છે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4 (C)

5. તાજેતરમાં આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)ના CEO તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી આર. એસ. શર્મા (B) શ્રી વી. બી. વર્મા
(C) શ્રી આર. એસ. ભાટી (D) શ્રી બી. કે. કુમાર (A)

6. શ્રી આર. એસ. શર્માએ આયુષ્યમાન ભારતના CEO તરીકે તાજેતરમાં કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી ઈન્દ્રકુમાર (B) શ્રી ઈન્દ્રનીલ વર્મા (C) શ્રી ઈન્દુ ભૂષણ (D) શ્રી જનકરાજ કપુર (C)

7. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાંથી કરી હતી ?
(A) છત્તીસગઢ (B) ઉત્તરપ્રદેશ (C) કર્ણાટક (D) ઝારખંડ (D)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. 'પ્રબુદ્ધ ભારત' સામયિકની તાજેતરમાં કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી ?

(A) 75 (B) 60 (C) 125 (D) 100 **(C)**

9. 'પ્રબુદ્ધ ભારત' સામયિક વિશે સાચુ વિધાન/વિધાનો જણાવો ?

1. તે રામકૃષ્ણ મિશનનું અંગ્રેજી ભાષાનું સામયિક છે.
2. તેની શરૂઆત વર્ષ 1896માં સ્વામી વિવેકાનંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.
3. શ્રી સુભાષચંદ્ર બોઝ, શ્રી બાલ ગંગાધર તિલક, સુશ્રી સિસ્ટર નિવેદિતા જેવા મહાનુભાવોએ તેના માટે લખાણો લખ્યા છે.
4. તેનું પ્રકાશન અદ્વૈત આશ્રમ દ્વારા કરવામાં આવે છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**



## પ્રજાસત્તાક દિન પરેડ 2021 એવોર્ડ્સ


<u>કેન્દ્રીય રમતગમત પ્રધાન શ્રી કિરેન રિજિજુએ</u> પ્રજાસત્તાક દિન પરેડ 2021માં રજૂ કરવામાં આવેલા વિવિધ ટેબ્લો માટે પુરસ્કારો રજૂ કર્યા હતા.

### મુખ્ય બાબતો

72મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં <u>વિવિધ 32 જેટલા ટેબ્લો</u> રજૂ કરવામાં આવ્યા હતા.

- આ પૈકી 17 ટેબ્લો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ 6 ટેબ્લો સંરક્ષણ મંત્રાલયના જયારે 9 ટેબ્લો અન્ય મંત્રાલયો, વિભાગો અને અર્ધ લશ્કરી દળો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

### બેસ્ટ ટેબ્લો પુરસ્કાર



<u>ઉત્તરપ્રદેશ રાજ્યના ટેબ્લો</u>ને વિવિધ 32 ટેબ્લોમાંથી <u>શ્રેષ્ઠ ટેબ્લોનો એવોર્ડ</u> આપવામાં આવ્યો હતો.

- <u>'અયોધ્યા : કલ્ચરલ હેરિટેજ ઓફ ઉત્તરપ્રદેશ'</u>ની થીમ અંતર્ગત ઉત્તરપ્રદેશ રાજ્યનો ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો.
- <u>ત્રિપુરા રાજ્ય</u>નો ટેબ્લો <u>બીજા ક્રમનો શ્રેષ્ઠ ટેબ્લો</u> રહયો હતો.
- ત્રિપુરાના ટેબ્લો અંતર્ગત સામાજિક અને આર્થિક માપદંડોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે પર્યાવરણને અનુકૂળ પરંપરાઓ રજૂ કરવામાં આવી હતી.
- <u>ઉત્તરાખંડના ટેબ્લો</u>ને <u>ત્રીજા ક્રમનો શ્રેષ્ઠ ટેબ્લો</u> તરીકે એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- ઉત્તરાખંડનો ટેબ્લો <u>'દેવભૂમિ-ધ લેન્ડ ઓફ ધ ગોડ્સ'</u> <u>થીમ</u> અંતર્ગત રજૂ કરવામાં આવ્યો હતો.

### અન્ય પુરસ્કારો

જુદાં–જુદા મંત્રાલયો, વિભાગો અને અર્ધ લશ્કરી દળોનાં 9 ટેબ્લોમાંથી <u>બાયોટેકનોલોજી વિભાગના ટેબ્લોને શ્રેષ્ઠ ટેબ્લો</u> તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

- બાયોટેકનોલોજી વિભાગે 'આત્મનિર્ભર ભારત અભિયાન : કોવિડ વેક્સિન ડેવલપમેન્ટ'ની થીમ અંતર્ગત તેના ટેબ્લોની રજૂઆત કરી હતી.
- તે સિવાય સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD)ના ટેબ્લોને એક વિશેષ ઈનામ આપવામાં આવ્યું હતું. સશસ્ત્ર દળોના નાયકોને શ્રદ્ધાંજલિ આપવા માટે CPWDને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- CPWD એ 'અમર જવાન' થીમ અંતર્ગત તેનો ટેબ્લો રજૂ કર્યો હતો.
- શ્રેષ્ઠ સાંસ્કૃતિક પ્રદર્શન માટેનો એવોર્ડ માઉન્ટ આબુ પબ્લિક સ્કૂલ અને વિદ્યા ભારતી સ્કૂલ રોહિણી, દિલ્હીના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.
- આ વિદ્યાર્થીઓએ તેમના પર્ફોર્મન્સમાં 'સ્વનિર્ભર ભારત–આત્મનિર્ભર ભારત'ના વિઝનને પ્રદર્શિત કર્યું હતું.

**ICE FACT :**

(1) પ્રજાસત્તાક દિનની પરેડ માટે કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ટેબ્લોની પસંદગી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફ્ટ T-81 મુંબઈ ખાતે સેવાનિવૃત્ત થયું




સુપર ડ્વોરા એમ કે IIના વર્ગનું ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફ્ટ (IN FAC) T-81 28 જાન્યુઆરી, 2021ના રોજ મુંબઈ ખાતે સેવાનિવૃત્ત થયું હતું. IN FAC T-81 એ ભારતીય નેવીમાં 20 વર્ષ કરતા વધારે વર્ષ સુધી સેવા પૂરી પાડી હતી.

- IN FAC T-81ના સેવાનિવૃત્તિના કાર્યક્રમનું આયોજન મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રીઅર એડમિરલ વી શ્રીનિવાસ ઉપસ્થિત રહયા હતા.

## ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફટ (IN FAC) T-81 વિશે

ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફટ T-81એ 25 મીટર લાંબુ જહાજ છે જેની વિસ્થાપન ક્ષમતા 60 ટન સુધીની છે.

- ઈઝરાયેલના M/S રામતાના સહયોગથી ગોવા શિપયાર્ડ લિમિટેડ ખાતે તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- 5 જૂન, 1999થી આ શિપ ભારતીય નૌકાદળમાં સેવારત થયું હતું.
- આ શિપ ખાસ કરીને છીછરા પાણીમાં કાર્ય કરવા માટે બનાવવામાં આવ્યું હતું.
- તેનો મુખ્ય ઉદ્દેશ દેખરેખ અને જાસૂસી કરવાનો છે.
- આ ક્રાફટ 45 નોટ્સ સુધીની ગતિ પ્રાપ્ત કરી શકે છે.
- તે એક્સ્ટ્રા ફાસ્ટ એટેક ક્રાફ્ટ (XFAC) સુપર® ડ્વોરા એમકે II કલાસનું બીજું શિપ હતું.

## સુપર ડ્વોરા માર્ક II વર્ગ પેટ્રોલિંગ બોટ વિશે

તે પેટ્રોલિંગ બોટની હાઈસ્પીડ ધરાવતી શ્રેણી છે.

- તેનું નિર્માણ ઈઝરાયેલ સી કોર્પ્સ માટે ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.
- તે નૌકાદળોના વિવિધ મિશનો જેવા કે ઓફશોર કોસ્ટલ પેટ્રોલિંગ મિશન, દરિયાઈ જાસૂસી વગેરે માટે ઉપયોગમાં લઈ શકાય છે.
- શ્રીલંકાના નૌકાદળ દ્વારા સમુદ્રમાં LTTEની કામગીરીનો સામનો કરવા માટે આ વર્ગની શિપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ICE FACT :**

(1) LTTEનું પૂરું નામ 'લિબરેશન ટાઈગર ઓફ તમિલ એલામ' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઐતિહાસિક ચૌરી ચૌરા ઘટનાની 100મા વર્ષની ઉજવણી

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર** ખાતે **4 ફેબ્રુઆરી, 2021**ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા **ચૌરી ચૌરા શતાબ્દી ઉજવણીનું ઉદ્દઘાટન** કર્યું હતું.

- ચૌરી ચૌરા શતાબ્દી ઉજવણીનું આયોજન ચૌરી ચૌરા ઘટનાના 100 વર્ષ પૂર્ણ થવા પર કરવામાં આવી રહયું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચૌરી ચૌરા શતાબ્દીને સમર્પિત એક ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી.
- **4 ફેબ્રુઆરી, 2021થી 4 ફેબ્રુઆરી, 2022** સુધી ચૌરી ચૌરા શતાબ્દી ઉજવણી **એક વર્ષ** માટે કરવામાં આવશે.
- ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે આ પ્રસંગે એક વેબસાઈટ પણ લોન્ચ કરી છે, તેમજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશ બોર્ડના અભ્યાસક્રમમાં ચૌરી ચૌરા ઘટનાનો સમાવેશ કરવાનો આદેશ પણ આપ્યો છે.

### ચૌરી-ચૌરાની ઘટના

ચૌરી ચૌરાની ઘટના બ્રિટિશ ભારતમાં **4 ફેબ્રુઆરી, 1922**ના રોજ **ચૌરી ચૌરા** ખાતે બની હતી.

- આધુનિક **ઉત્તરપ્રદેશના ગોરખપુર** જિલ્લામાં ચૌરી ચૌરા સ્થાન આવેલું છે.
- આ ઘટનામાં અસહકાર ચળવળમાં ભાગ લેનારા લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું અને પોલીસે તેમના પર ફાયરિંગ કર્યું હતું.
- ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ ચોકીને આગ લગાડી દેતા 22 પોલીસ જવાનોના મૃત્યુ થયા હતા.
- આ ઘટનાની જાણ થતાં **ગાંધીજીના આગ્રહથી અસહકારની ચળવળ કોંગ્રેસ દ્વારા મોકૂફ રાખવામાં** આવી હતી.
- આ લડત મોકૂફ રાખતા સમયે ગાંધીજીએ કહયું હતું કે **'ભારતીયોના હાથમાં અહિંસા નામનું હથિયાર આપીને હિમાલય જેવડી ભૂલ કરી છે, જ્યાં સુધી ભારતીયો અહિંસાના મૂલ્યને નહીં સમજે, ત્યાં સુધી લડતને આગળ ચલાવીશ નહીં'**.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અસહકાર આંદોલન

મહાત્મા ગાંધીજીએ બ્રિટિશ સરકાર વિરૂદ્ધ 1 ઓગસ્ટ, 1920ના રોજ અસહયોગ આંદોલન શરૂ કર્યું હતું.

- આ આંદોલન અંતર્ગત મહાત્મા ગાંધીએ તમામ વિદેશી માલ (ખાસ કરીને મશીન દ્વારા બનાવાયેલા કપડા), બ્રિટિશ સંસ્થાઓ અને પ્રણાલીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો જેના અંતર્ગત બ્રિટિશરો ભારત પર રાજ કરતા હતા.
- આ આંદોલન મહાત્મા ગાંધીએ પૂર્ણ સ્વરાજ મેળવવાના ઉદ્દેશથી શરૂ કર્યું હતું.

# એશિયા-પેસિફિક પર્સનલાઈઝડ હેલ્થ ઈન્ડેક્સમાં ભારત 10મા ક્રમાંકે રહ્યું

ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU) દ્વારા તાજેતરમાં એશિયા-પેસિફિક પર્સનલાઈઝડ હેલ્થ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સ અંતર્ગત એશિયા-પેસિફિકના કુલ 11 દેશોની આરોગ્ય પ્રણાલીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમાંથી ભારતે 10મો ક્રમાંક મેળવ્યો છે.

## Asia-Pacific Personalised Health Index વિશે

એશિયા–પેસિફિક પર્સનલાઈઝડ હેલ્થ ઈન્ડેક્સ એ નવો શરૂ કરવામાં આવેલો સૂચકાંક છે.

- તે વ્યક્તિગત સ્વાસ્થ્ય સેવાની દિશામાં વિવિધ દેશોની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે.
- તેના અંતર્ગત તાજેતરમાં એશિયા–પેસિફિક ક્ષેત્રના વિવિધ 11 દેશોની વ્યક્તિગત આરોગ્ય પ્રણાલીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- આ 11 દેશોમાં ભારત, ચીન, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, તાઈવાન, જાપાન, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, સાઉથ કોરિયા અને ન્યુઝીલેન્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- અલગ અલગ 4 કેટેગરીમાં 27 પરિમાણોની મદદથી આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.
- નીતિ સંદર્ભ, આરોગ્ય માહિતી, વ્યક્તિગત તકનીકી અને આરોગ્ય સેવાઓ જેવી વિવિધ 4 શ્રેણી અંતર્ગત આ ઈન્ડેક્સનું માપન કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયા-પેસિફિક પર્સનલાઈઝડ હેલ્થ ઈન્ડકેસના મુખ્ય તારણો

આ અહેવાલ અંતર્ગત **સિંગાપોર** આ તમામ દેશોમાં **પ્રથમ ક્રમાંકે** રહયો છે.

- તેમજ **તાઈવાન**, **જાપાન** અને **ઓસ્ટ્રેલિયા** જેવા દેશો આ ઈન્ડેકસમાં અનુક્રમે **બીજા**, **ત્રીજા** અને **ચોથા સ્થાને** રહયા છે.
- **ઈન્ડોનેશિયા** આ અહેવાલ અંતર્ગત **છેલ્લે 11મા સ્થાને** રહયો છે.

## આ અહેવાલ અંતર્ગત વિવિધ દેશોના સ્થાન

| | | | |
|---|---|---|---|
| 1. સિંગાપોર | 2. તાઈવના | 3. જાપાન | 4. ઓસ્ટ્રેલિયા |
| 10. ભારત | 11. ઈન્ડોનેશિયા | | |

## ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU) વિશે

EIUએ આર્થિક સંશોધન અને વિશ્લેષણ કરતું ગ્રૂપ છે.

- તેની સ્થાપના વર્ષ 1946માં થઈ હતી.
- તેનું મુખ્યમથક **ઈંગ્લેન્ડના લંડન** ખાતે આવેલું છે.



1. પ્રજાસત્તાક દિન પરેડ 2021 અંતર્ગત વિવિધ ટેબ્લો માટે પુરસ્કારો કોના દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા ?

(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) શ્રી અમિતભાઈ શાહ (D) શ્રી કિરેન રિજિજુ **(D)**

2. 72મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં કુલ કેટલા ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા ?

(A) 30 (B) 31 (C) 32 (D) 33 **(C)**

3. પ્રજાસત્તાક દિન પરેડ 2021 અંતર્ગત બેસ્ટ ટેબ્લો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે, તે બાબતે સાચા વિધાન/વિધાનો ચકાસો ?

1. વિવિધ રાજ્યોમાં સર્વશ્રેષ્ઠ ટેબ્લોનો એવોર્ડ ઉત્તરપ્રદેશ રાજ્યને આપવામાં આવ્યો.
2. 'અયોધ્યા : કલ્ચરલ હેરિટેજ ઓફ ઉત્તરપ્રદેશ'એ ઉત્તરપ્રદેશના ટેબ્લોની થીમ હતી.
3. સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (CPWD)ના ટેબ્લોને વિશેષ ઈનામ આપવામાં આવ્યું હતું.
4. જુદા–જુદા મંત્રાલયો–વિભાગો અને અર્ધલશ્કરી દળોના 9 ટેબ્લોમાંથી બાયોટેકનોલોજી વિભાગના ટેબ્લોને શ્રેષ્ઠ ટેબ્લો તરીકે પસંદ કરવામાં આવ્યો હતો ?

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(A)**

4. ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફટ T-81 તાજેતરમાં કયા સેવાનિવૃત્ત થયું હતું ?

(A) વિશાખાપટ્ટનમ (B) કોલકાત્તા (C) ગોવા (D) મુંબઈ **(D)**

5. ઈન્ડિયન નેવલ ફાસ્ટ અટેક ક્રાફટ (IN FAC) T-81 વિશે સાચુ વિધાન/વિધાનો જણાવો ?

1. તેનું નિર્માણ ઈઝરાયેલના M/S રામતાના સહયોગથી ગોવા શિપયાર્ડ લિમિટેડ ખાતે કરવામાં આવ્યું હતું.
2. તે 45 નોટ્સ સુધીની ગતિ પ્રાપ્ત કરી શકે છે.
3. તે એકસ્ટ્રા ફાસ્ટ એટેક ક્રાફટ (XFAC) સુપર ડ્વોરા એમ કે II કલાસનું બીજુ શિપ હતું.
4. સુપર ડ્વોરા માર્ક II વર્ગ એ પેટ્રોલિંગ બોટની હાઈસ્પીડ ધરાવતી શ્રેણી છે.

(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4 **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6.** તાજેતરમાં કઈ ઘટનાની 100મા વર્ષની ઉજવણીની શરૂઆત કરવામાં આવી ?

(A) જલિયાવાલા બાગ હત્યાકાંડ

(B) ચૌરી ચૌરા ઘટના

(C) રોલેટ એક્ટ

(D) હિંદ છોડો આંદોલન **(B)**

**7.** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચૌરી ચૌરા શતાબ્દી ઉજવણીનું ઉદ્દઘાટન વીડિયો કોન્ફરન્સિંગની મદદથી કયા કર્યું હતું ?

(A) ગોરખપુર (B) પટના (C) લખનૌ (D) કાનપુર **(A)**

**8.** ભારતના ઈતિહાસની કઈ ઘટના બાદ ગાંધીજીએ કહ્યું હતું કે 'ભારતીયોના હાથમાં અહિંસા નામનું હથિયાર આપીને હિમાલય જેવડી ભૂલ કરી છે, જયાં સુધી ભારતીયો અહિંસાના મૂલ્યને નહીં સમજે ત્યાં સુધી લડતને આગળ ચલાવીશ નહીં' ?

(A) જલિયાવાલા બાગ હત્યાકાંડ

(B) ચૌરી ચૌરા ઘટના

(C) રોલેટ એક્ટ

(D) હિંદ છોડો આંદોલન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** એશિયા પેસિફિક પર્સનલાઈઝ્ડ હેલ્થ ઈન્ડેકસમાં તાજેતરમાં ભારત કેટલામાં ક્રમાંકે રહયો છે ?

(A) 8 (B) 9 (C) 10 (D) 11 **(C)**

**10.** ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા એશિયા–પેસિફિક પર્સનલાઈઝ્ડ હેલ્થ ઈન્ડેકસમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે રહયો છે ?

(A) તાઈવાન (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) સિંગાપોર **(D)**

## રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા પલ્સ પોલિયો કાર્યક્રમ 2021ના પ્રથમ ચરણનો શુભારંભ કરાવવામાં આવ્યો




30 જાન્યુઆરી, 2021ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા પલ્સ પોલિયો કાર્યક્રમ 2021ના પ્રથમ ચરણનો શુભારંભ નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતેથી કરાવવામાં આવ્યો હતો.

- 31 જાન્યુઆરીના રોજ પોલિયો રસીકરણ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
- તેને 'રાષ્ટ્રીય રસીકરણ દિવસ' અથવા 'પોલિયો રવિવાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 31 જાન્યુઆરી, 2021ના રોજ પોલિયો રસીકરણ દિવસ અથવા પોલિયો રવિવારનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કોવિડ-19 રસીકરણ અભિયાનની શરૂઆત ભારતમાં 16 જાન્યુઆરી, 2021ના રોજ કરવામાં આવી હતી.
- અગાઉ પોલિયો રસીકરણ દિવસ 17 જાન્યુઆરી, 2021ના રોજ શરૂ કરવાનો હતો પરંતુ કોવિડ-19 રસીકરણ અભિયાનને કારણે તે થોડો સમય માટે વિલંબમાં મૂકાયો હતો.

### પોલિયો વિશે

પોલિયો એ વાઈરસથી થતો એક ચેપી રોગ છે.

- પોલિયોએ નર્વસ સિસ્ટમને પ્રભાવિત કરે છે અને શરીરમાં લકવો પેદા કરી શકે છે.
- ઓરલ પોલિયો રસી દ્વારા તેને રોકી શકાય છે.

**ICE FACTS :**

(1) વિશ્વ પોલિયો દિવસ દર વર્ષે 24 ઓકટોબરના રોજ ઉજવવામાં આવે છે.

(2) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ભારતને માર્ચ, 2014માં પોલિયો મુક્ત દેશ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

(3) જાન્યુઆરી 2011માં ભારતમાં પોલિયોનો છેલ્લો કેસ સામે આવ્યો હતો.

(4) કેન્દ્ર સરકારે વર્ષ 1995માં ભારતમાં પલ્સ પોલિયો પ્રોગ્રામની શરૂઆત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે 8મા ભારત આંતરરાષ્ટ્રીય રેશમ મેળાનું ઉદ્ઘાટન

ભારતના કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ વર્ચ્યુઅલ પોર્ટલની મદદથી 8મા ભારત આંતરરાષ્ટ્રીય રેશમ મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું.

- આ મેળો ભારતનો સૌથી મોટો રેશમ મેળો છે.
- ઈન્ડિયન સિલ્ક એક્સપર્ટ પ્રમોશન કાઉન્સિલના વર્ચ્યુઅલ પ્લેટફોર્મ અંતર્ગત આ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ મેળાનું આયોજન 5 દિવસ માટે કરવામાં આવ્યું હતું.
- આ મેળામાં ભાગ લેવા માટે આશરે 200થી વધુ વિદેશી ખરીદદારોએ ઓનલાઈન નોંધણી કરાવી હતી.

### ભારતમાં રેશમ

ભારતમાં રેશમની લક્ઝરી સામાનમાં ગણતરી થાય છે.

- કાચા શેતૂર રેશમનો લગભગ 97% હિસ્સો તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ગુજરાત જેવા પાંચ રાજ્યોમાં ઉત્પન્ન થાય છે.
- ચીન પછી ભારત રેશમનો બીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- ભારત વિશ્વભરમાં એક માત્ર એવો દેશ છે કે જ્યાં રેશમની ચાર મોટી જાતો-શેતૂર, ઈરી, ટસર અને મૂગાનું ઉત્પાદન થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઈરી રેશમ

ઈરી રેશમ ખાસ કરીને ઉત્તરપૂર્વ ભારત, ચીન અને જાપાનના કેટલાક ભાગોમાં જોવા મળે છે.

- વર્ષ 1974માં તે થાઈલેન્ડથી આયાત કરવામાં આવતું હતું.
- તે એક વુલી સફેદ રેશમ છે. તેને 'ફેબ્રિક ઓફ પીસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રેશમના કીડાને માર્યા વગર તેના નિર્માણ માટે પ્રક્રિયા કરવામાં આવે છે.

### ટસર રેશમ

તેનું ઉત્પાદન ચીન, જાપાન, ભારત અને શ્રીલંકામાં થાય છે.

- તેને જંગલી રેશમના કીડા લાર્વામાંથી ઉત્પન્ન કરવામાં આવે છે.

**ICE FACT :**

(1) હડપ્પા અને ચાન્હુ–દડોમાંથી પણ રેશમ અથવા સિરીકલ્ચરની ખેતીના પુરાવા મળી આવ્યા છે.

# મિનિમમ સપોર્ટ પ્રાઈસ સ્કિમ અંતર્ગત વધારે 14 માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસ ઉત્પાદનોને સમાવવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી

કેન્દ્ર સરકારે તાજેતરમાં **મિનિમમ સપોર્ટ પ્રાઈસ સ્કિમ** અંતર્ગત માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસના માર્કેટિંગ માટેની પદ્ધતિ હેઠળ **14 નવા માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસ**નો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે.

- આ પદ્ધતિની મદદથી વન ઉત્પાદનોને વાજબી ભાવો પૂરા પાડવામાં મદદ મળશે.
- તસર કોકૂન, બામ્બુ શૂટ, એલિફન્ટ એપલ ડ્રાય, વાઈલ્ડ ડ્રાય મશરૂમ અને મલ્કાંગણી બીજ જેવા વિવિધ ઉત્પાદનોનો સમાવેશ આ સ્કિમ અંતર્ગત કરવામાં આવ્યો છે.

## મિનિમમ સપોર્ટ પ્રાઈસ (લઘુત્તમ ટેકાના ભાવ)

MSPએ કૃષિ પેદાશની કિંમત છે જે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂત પાસેથી સીધી ખરીદી માટે નિર્ધારિત કરવામાં આવે છે.

- MSPને કાયદા દ્વારા અમલી બનાવી શકાતી નથી.
- **વર્ષમાં બે વાર 23 કૃષિ પેદાશો** માટે ભાવ નક્કી કરવામાં આવે છે.
- ટેકાના ભાવો **વર્ષ 2009**થી **કમિશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટસ એન્ડ પ્રાઈસિસ (CACP)** દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે.
- **વર્ષ 1966-67**માં **પ્રથમ વખત ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવ**ની જાહેરાત કરવામાં આવી હતી.
- હરિત ક્રાંતિના ભાગરૂપે ટેકાના ભાવની જાહેરાત કરવામાં આવી હતી.

## માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યુસ (MFP)

તેમાં લાકડા વિનાના તમામ વનસ્પતિ મૂળના વન પેદાશોનો સમાવેશ થાય છે.

- તેમાં વાંસ, ઘાસચારો, પાંદડાઓ, મીણના રંગો, ગુંદર, રેઝિન અને ઘણાં પ્રકારના ખોરાક જેવાં કે બદામ, મધ, જંગલીફળ, લાખ વગેરેનો સમાવેશ થાય છે.
- MFP તે જંગલોમાં અથવા નજીકમાં રહેતા લોકો માટે નિર્વાહ અને રોકડ આવક બંને પ્રદાન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SATURDAY Questions

**1.** પલ્સ પોલિયો કાર્યક્રમ 2021ના પ્રથમ ચરણનો શુભારંભ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યો છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ

(C) ડો. હર્ષવર્ધન (D) શ્રી અમિતભાઈ શાહ **(B)**

**2.** 'વિશ્વ પોલિયો દિવસ'ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે.

(A) 24 ઓક્ટોબર (B) 24 સપ્ટેમ્બર (C) 24 ઓગસ્ટ (D) 24 નવેમ્બર **(A)**

**3.** વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશને કયારે ભારતને પોલિયો મુકત દેશ તરીકે જાહેર કર્યો હતો ?

(A) માર્ચ, 2013 (B) માર્ચ, 2011 (C) માર્ચ, 2014 (D) માર્ચ, 2015 **(C)**

**4.** સુશ્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે કેટલામાં ભારત આંતરરાષ્ટ્રીય રેશમ મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8 **(D)**

**5.** ભારત રેશમના ઉત્પાદનમાં વિશ્વમાં કેટલામાં ક્રમાંકે છે ?

(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પ્રથમ **(A)**

**6.** 'ફેબ્રિક ઓફ પીસ' તરીકે કયા રેશમને ઓળખવામાં આવે છે ?

(A) ટસર (B) મૂગા (C) ઈરિ (D) શેતુર **(C)**

**7.** મિનિમમ સપોર્ટ પ્રાઈસ સ્કિમ અંતર્ગત તાજેતરમાં કેટલા માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસ ઉત્પાદનને સમાવવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી ?

(A) 12 (B) 13 (C) 15 (D) 14 **(D)**

**8.** વર્ષ 1966-67માં સૌપ્રથમ વખત કયા પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) ચોખા (B) મગફળી (C) કપાસ (D) ઘઉં **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **ભારત અને યુ. કે. વચ્ચે ક્રોસ બોર્ડર આતંકવાદ સામે સહકાર**

21 અને 22 જાન્યુઆરી, 2021ના રોજ ભારત અને યુ. કે. વચ્ચે કાઉન્ટર ટેરેરિઝમ પર 14મી બેઠક મળી હતી. બંને દેશો વચ્ચે આ બેઠકનું આયોજન વર્ચ્યુઅલ કરવામાં આવ્યું હતું.

➤ **ભારતપર્વ 2021નું ઉદ્દઘાટન લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા કરવામાં આવ્યું**

26 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી, 2021 દરમિયાન કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા ભારતપર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ 2021ના ભારતપર્વનું આયોજન 'આત્મનિર્ભર ભારત અને એકભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ અંતર્ગત કરવામાં આવયું હતું. ભારત પર્વની ઉજવણીની શરૂઆત વર્ષ 2016માં કરવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઉપરાષ્ટ્રપતિશ્રી દ્વારા હૈદરાબાદમાં ઈન્ટિગ્રેટેડ વેપન્સ સિસ્ટમ ડિઝાઈન સેન્ટરનું ઉદ્દઘાટન**

25 જાન્યુઆરી, 2021ના રોજ ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકેયા નાયડુએ હૈદરાબાદમાં સ્થિત DRDOના એ.પી.જે. અબ્દુલ કલામ મિસાઈલ કોમ્પલેક્ષ ખાતે ઈન્ટિગ્રેટેડ વેપન્સ સિસ્ટમ ડિઝાઈન સેન્ટરનું ઉદ્દઘાટન કર્યું હતું. આ સુવિધા સરફેસ–ટૂ–એર મિસાઈલ (SAM) સિસ્ટમ્સ અને બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ (BMD) સિસ્ટમો માટે કમાન્ડ–એન્ડ–કન્ટ્રોલ સિસ્ટમ્સના ડિઝાઈન અને વિકાસની ક્ષમતામાં વધારો કરશે.

➤ **કેન્દ્ર સરકારે કોપરાના મિનિમમ સપોર્ટ પ્રાઈસ (MSP)માં વધારાને મંજૂરી આપી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટી (CCEA)એ કોપરાની મિનિમમ સપોર્ટ પ્રાઈસ (MSP)ને મંજૂરી આપી છે.

➤ **અભિનેતા શ્રી અક્ષયકુમાર દ્વારા મોબાઈલ એક્શન ગેમ 'FAU-G' લોન્ચ કરવામાં આવી**

અભિનેતા શ્રી અક્ષયકુમારે તાજેતરમાં મોબાઈલ એક્શન ગેમ **'Fearless and United Guards (FAU-G)'** લોન્ચ કરી હતી. આ ગેમનો પ્રારંભિક એપિસોડ લદાખની ગલવાન ખીણ આધારિત છે.

➤ **કેન્દ્રશાસિત પ્રદેશ લદાખે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિકાસ માટે CSIR સાથે MoU કર્યા**

કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) અને કેન્દ્રશાસિત પ્રદેશ લદાખે વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ માટે MoU કર્યા છે. CSIR અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચે જ્ઞાનની ભાગીદારી સ્થાપિત કરવાના ઉદ્દેશથી આ સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

➤ **અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે L&Tએ કરાર કર્યો**

લાર્સન એન્ડ ટૂબ્રો (L&T) એ મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 1,390 કરોડ રૂપિયાનો કરાર કર્યો છે, આ પ્રોજેક્ટ એ ભારતનો આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે. L&Tએ આ માટેનો કોન્ટ્રાક્ટ **નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) પાસેથી મેળવ્યો છે**.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગવર્નમેન્ટ સિક્યુરિટિઝ (G-SEC)ને મંજૂરી આપનારો ભારત એશિયાનો પ્રથમ દેશ**

રિઝર્વ બેન્કે તાજેતરમાં રિટેલ રોકાણકારોને ગવર્નમેન્ટ સિક્યુરિટિઝ (G-SEC) માર્કેટમાં પ્રવેશવાની મંજૂરી આપી દીધી છે. આ પ્રકારની મંજૂરી આપનારો ભારત એશિયાનો પ્રથમ દેશ બન્યો છે. આ નિર્ણય અંતર્ગત રિટેલ રોકાણકારો ગવર્નમેન્ટ સિક્યુરિટિઝના પ્રાઈમરી અને સેકન્ડરી માર્કેટમાં ખરીદી અને વેચાણ કરી શકશે અને પોતાના ગિલ્ટ સિક્યુરિટી એકાઉન્ટ પણ ખોલાવી શકશે.

➤ **ભારતીય રેલવેએ 3.5 કિલોમીટર લાંબી માલગાડી 'વાસુકી' ચલાવવાનો રેકોર્ડ કર્યો**

ભારતીય રેલવેએ તાજેતરમાં 3.5 કિલોમીટર લાંબી માલગાડી 'વાસુકી' ચલાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ ટ્રેને ભિલાઈ (છત્તીસગઢ) ખાતેથી તેની યાત્રા શરૂ કરીને કોરબા રેલવે સ્ટેશન (છત્તીસગઢ) ખાતે પૂર્ણ કરી હતી. આ ટ્રેન દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે ઝોન દ્વારા સંચાલિત કરવામાં આવી હતી.

➤ **ભારતનો પ્રથમ લેધર પાર્ક કાનપુરમાં સ્થાપવામાં આવશે**

ઉત્તરપ્રદેશ સરકાર કાનપુર જિલ્લામાં **ભારતના પ્રથમ લેધર પાર્કની સ્થાપના** કરશે. તે કાનપુરના રામીપુર ગામમાં 268 એકર જમીનમાં સ્થાપવામાં આવશે. કાનપુરને **'લેધર સિટી'**ના નામથી પણ ઓળખવામાં આવે છે.

## વિશ્વ

➤ **ભારતીય મૂળના સુશ્રી ભવ્યાલાલ નાસાના કાર્યકારી પ્રમુખ બન્યા**

મૂળ ભારતીય સુશ્રી ભવ્યા લાલની અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસાના ચીફ ઓફ સ્ટાફના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. સુશ્રી ભવ્યા લાલ પાસે અંતરિક્ષ ટેક્નોલોજી સહિતની કામગીરીનો વ્યાપક અનુભવ છે.

➤ **અમેરિકા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો સભ્ય બન્યો રહેશે**

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેને તાજેતરમાં જાહેરાત કરી હતી કે અમેરિકા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો સભ્ય બન્યો રહેશે. કોવિડ-19 મહામારી વિરૂદ્ધની લડાઈમાં અમેરિકા અન્ય સભ્ય દેશો સાથે મળીને કામ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ભારત એન યુ. કે. વચ્ચે તાજેતરમાં કાઉન્ટર ટેરરિઝમ માટે કેટલામી વર્ચ્યુઅલ બેઠક મળી હતી ? – 14મી
- ભારતપર્વ 2021નું ઉદ્દઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા
- ભારતપર્વ 2021નું આયોજન કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું ? – કેન્દ્રીય પર્યટન મંત્રાલય
- ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકેયા નાયડુએ તાજેતરમાં કયા ઈન્ટિગ્રેટેડ વેપન્સ સિસ્ટમ ડિઝાઈન સેન્ટરનું ઉદ્દઘાટન કર્યું હતું ?
  – હૈદરાબાદમાં સ્થિત DRDOના એ. પી. જે. અબ્દુલ કલામ મિસાઈલ કોમ્પ્લેક્ષ ખાતે
- કયા અભિનેતા દ્વારા મોબાઈલ એક્શન ગેમ 'FAU-G' લોન્ચ કરવામાં આવી ? – શ્રી અક્ષય કુમાર
- અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) પાસેથી કઈ ભારતીય કંપનીએ ઓર્ડર મેળવ્યો ? – લાર્સન એન્ડ ટૂબ્રો (L&T)
- ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ (G-SEC)ને મંજૂરી આપનારો એશિયાનો પ્રથમ દેશ કયો છે ? – ભારત
- ભારતીય રેલવેએ તાજેતરમાં 3.5 કિલોમીટર લાંબી માલગાડી 'વાસુકી' ચલાવવાનો રેકોર્ડ કર્યો છે, આ ટ્રેન ભારતીય રેલવેના કયા ઝોન અંતર્ગત સંચાલિત કરવામાં આવી હતી ? – દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે ઝોન
- ભારતનો પ્રથમ લેધર પાર્ક કયા સ્થાપવામાં આવશે ? – કાનપુરમાં
- તાજેતરમાં કયા ભારતીય મૂળના વ્યક્તિની નાસાના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે ? – સુશ્રી ભવ્યા લાલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. એશિયન ક્રિકેટ કાઉન્સિલમાં યંગેસ્ટ ચેરમેન તરીકે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ? – ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી શ્રી જય શાહની

(એશિયન ક્રિકેટ કાઉન્સિલ (AEC)ની સ્થાપના વર્ષ 1983માં કરવામાં આવી હતી. તેમજ તેનું મુખ્યમથક શ્રીલંકાના કોલંબો ખાતે આવેલું છે.)

2. તાજેતરમાં દિલ્હીમાં કયા દેશના દૂતાવાસની બહાર બોમ્બ વિસ્ફોટ થયા હતા ? – ઈઝરાયેલ

3. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં એમ.એસ.ધોની ક્રિકેટ એકેડેમીનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – અમદાવાદ

4. ઓનલાઈન ઓર્ડર દ્વારા દારૂની હોમ ડિલિવરીની કાયદેસર છૂટ આપનાર દેશનું પ્રથમ રાજ્ય કયું છે ? – મધ્યપ્રદેશ

5. છત્તીસગઢમાં નકસલવાદીઓના હૃદય પરિવર્તન અને આત્મસમર્પણ માટે કયો શબ્દ પ્રચલિત છે ? – લોન વરાટુ

6. કૃષિ મંત્રાલયે કયા સમયગાળા દરમિયાન 'નેશનલ મિશન ફોર એડિબલ ઓઈલ (NMEO) માટે પ્રસ્તાવ મૂકયો છે ? – વર્ષ 2020-21થી 2024-25ના સમયગાળા દરમિયાન

7. કલાઈમેટ એડેપ્શન સમિટ, 2021નું આયોજન કયા દેશ દ્વારા કરવામાં આવ્યું હતું ? – નેધરલેન્ડ

(યુનાઈટેડ નેશન્સ કલાઈમેટ ચેન્જ કોન્ફરન્સ, 2021ને 'CoP26' તરીકે ઓળખવામાં આવે છે. CoP26નું આયોજન 1 થી 12 નવેમ્બર, 2021 દરમિયાન સ્કોટલેન્ડના ગ્લાસ્ગો ખાતે કરવામાં આવશે. CoP26નું અધ્યક્ષપદ યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા સંભાળવામાં આવશે.)

8. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા બાંધકામના કામ માટે જરૂરી રેતીના જથ્થાને પહોંચી વળવા માટે 'New M-Sand Policy-2020' રજૂ કરવામાં આવી છે ? – રાજસ્થાન

9. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા તેની સ્થાપનાની સ્વર્ણ જયંતિ (50 વર્ષ) ઉજવવામાં આવી ? – હિમાચલપ્રદેશ

(હિમાચલપ્રદેશ રાજ્યની સ્થાપના 25 જાન્યુઆરી, 1971ના રોજ ભારતના 18મા રાજ્ય તરીકે થઈ હતી.)

10. આર્થિક અને સામાજિક બાબતો અંગેના યુએનના ઉચ્ચ સ્તરના સલાહકાર મંડળમાં તાજેતરમાં કયા ભારતીય અર્થશાસ્ત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – સુશ્રી જયતી ઘોષ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની કાયમી પ્રતિનિધિ તરીકે કોણ છે ? – શ્રી ટી.એસ. તિરૂમૂર્તિ
12. 'સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ' તાજેતરમાં કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવી ? – રાજસ્થાન
13. 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક, 2021' રિપોર્ટ તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ? – ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)
14. ધનલક્ષ્મી બેંકના CEO અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોના નામની મંજૂરી આપવામાં આવી છે ? – શ્રી જે કે શિવન
15. અર્બન લોકલ બોડી રિફોર્મ્સ પૂર્ણ કરનારું ભારતનું પાંચમુ રાજ્ય કયું બન્યું ? – રાજસ્થાન
(આ અગાઉ અર્બન લોકલ બોડી રિફોર્મ્સ પૂર્ણ કરનારા ચાર રાજ્યોમાં મણિપુર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને તેલંગાણાનો સમાવેશ થાય છે.)
16. તાજેતરમાં થાઈલેન્ડના બેંગકોક ખાતે રમાયેલી વર્લ્ડ ટૂર બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ કોના દ્વારા જીતવામાં આવ્યું છે ? – તાઈવાનની તાઈજૂ યિંગ દ્વારા
17. તાજેતરમાં થાઈલેન્ડના બેંગકોક ખાતે રમાયેલી વર્લ્ડ ટૂર બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં મેન્સ સિંગલ્સનું ટાઈટલ કોના દ્વારા જીતવામાં આવ્યું છે ? – ડેનમાર્કના એન્ડર્સ એન્ટોન્સન દ્વારા
18. તાજેતરમાં ફ્રાન્સના પર્યાવરણપ્રધાન સુશ્રી બાર્બરા પોમપિલીએ ગુજરાતના કયા શહેરની મુલાકાત લીધી હતી અને ત્યાં ઈ–રીક્ષા પણ ચલાવી હતી ? – સુરત
19. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના દાવોસ સંવાદ 2021ની થીમ શું હતી ? – 'The Great Reset'
(વર્લ્ડ ઈકોનોમિક ફોરમના દાવોસ સંવાદની આ વર્ષે 51મી વાર્ષિક બેઠક મળી હતી, વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક દર વર્ષે જાન્યુઆરી મહિનાના અંતમાં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં યોજાય છે.)
20. માઉન્ટ મેરાપી નામનો સક્રિય જ્વાળામુખી તાજેતરમાં ફાટી નીકળ્યો હતો, તે કયા દેશમાં સ્થિત છે ? – ઈન્ડોનેશિયા
21. યુનાઈટેડ નેશન્સનો 'Ageing water Infrastructure : An Emerging Global Risk' નામનો રિપોર્ટ કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે ?
– યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીની કેનેડિયન સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર વોટર, એન્વાયર્નમેન્ટ એન્ડ હેલ્થ દ્વારા
(આ અહેવાલ અંતર્ગત અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, જાપાન, ભારત, જામ્બિયા અને ઝિમ્બાબાબ્વેમાં રહેલા ડેમોના વિસર્જન અથવા તેના કાર્યરત રહેવાની ક્ષમતા અંગે વિશ્લેષણ

કરવામાં આવ્યું છે.)

22. નેશનલ નોન–કમ્યુનિકેબલ ડિસીઝ મોનિટરીંગ સર્વે (NNMS) તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો ? – કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય
(NNMS સર્વે આરોગ્ય મંત્રાલય દ્વારા વર્ષ 2017-18ના સમયગાળા માટે હાથ ધરવામાં આવ્યો હતો. નોન–કમ્યુનિકેબલ ડિસીઝ (બિન–સંક્રમિત રોગો) અંગેનો આ પ્રથમ સર્વે છે. આ સર્વેમાં 15-69 વર્ષની વયજૂથના શહેરી અને ગ્રામીણ વિસ્તારોના પુરૂષો અને મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

23. આંતરરાષ્ટ્રીય કસ્ટમ્સ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? – 27 જાન્યુઆરીએ
(સેન્ટર બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા 27 જાન્યુઆરી 2021ના રોજ આંતરરાષ્ટ્રીય કસ્ટમ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ 2021માં 'Customs Bolstering Recovery, Renewal and Resilience for 9 Sustainable Supply Chain'ની થીમ અંતર્ગત વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન (WCO) દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.)

24. ઈટાલીના કયા વડાપ્રધાને તાજેતરમાં તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું ? – શ્રી જિયુસેપ કોન્ટેએ

25. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા સીડ ફંડ સ્કિમ (SISFS)'ની જાહેરાત કરવામાં આવી છે, આ SISFSનો એકંદરે અમલ અને દેખરેખ કોના દ્વારા કરવામાં આવશે ?
– ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)

26. તાજેતરમાં વર્લ્ડ નેગ્લેક્ટેડ ટ્રોપીકલ ડિસીઝ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
– 30 જાન્યુઆરી

27. ભારત કયા દેશ સાથે મળીને પર્યાવરણ વર્ષનો શુભારંભ કરશે ? – ફ્રાંસ
(ભારતના પર્યાવરણ પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકર અને તેના ફ્રેન્ચ સમકક્ષ સુશ્રી બાર્બરા પોમ્પિલી દ્વારા તેની શરૂઆત કરવામાં આવશે. આનાથી બંને દેશો વચ્ચે પર્યાવરણીય ભાગીદારી મજબૂત બનશે.)

28. કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા તાજેતરમાં 'નેશનલ મરીન ટર્ટલ એક્શન પ્લાન' અને 'મરીન મેગા ફૌના સ્ટ્રેન્ડિંગ ગાઈડ લાઈન્સ'ની જાહેરાત કરવામાં આવી છે ?
– કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા

29. તાજેતરમાં એન્ટાર્કટિકામાં કઈ દુર્લભ ખનીજ મળી આવી છે ? – જેરોસાઈટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(જેરોસાઈટ એ મંગળ પર જોવા મળતી ખનીજ છે જે પૃથ્વી પર ભાગ્યે જ જોવા મળે છે. તે પોટેશિયમ અને આયર્નની સેલ્ફેટ છે. આ ખનીજની શોધ મંગળ પર સૌપ્રથમ વર્ષ 2004માં 'અપોર્ચ્યુનિટી' નામના રોવર દ્વારા કરવામાં આવી છે.)

30. 'ગ્લોબલ ક્લાઈમેટ લિટીગેશન રિપોર્ટ 2021' તાજેતરમાં કોના દ્વારા જાહેર કરવામાં આવ્યો છે ?

– યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)

(આ રિપોર્ટ UNEP દ્વારા કોલંબિયા યુનિવર્સિટીના સબિન સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જના સહયોગથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.)

31. CBIના ઈન્ચાર્જ ડાયરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– IPS પ્રવીણ સિન્હા

(શ્રી પ્રવીણ સિન્હા ગુજરાત કેડરના 1986 બેચના IPS અધિકારી છે. આ અગાઉ આ હોદ્દા પર ઋષી કુમાર શુક્લા સેવારત હતા. IPS પ્રવીણ સિન્હાની આ હોદ્દા પર નિમણૂક એપોઈન્ટમેન્ટસ કમિટી ઓફ કેબિનેટ દ્વારા કરવામાં આવી છે.)

32. ડફ એન્ડ ફેલ્પ્સે વર્ષ 2020 માટે ભારતની મોસ્ટ વેલ્યૂડ સેલિબ્રિટીની યાદી જાહેર કરી છે જે મુજબ ભારતની નંબર-1 સેલિબ્રિટી કોણ છે ? – શ્રી વિરાટ કોહલી

33. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) કયા કેન્દ્રીય મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?

– મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (MoSPI)

(નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ની રચના નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ (NSSO) અને સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO)ના મર્જર દ્વારા કરવામાં આવી હતી. NSOની અધ્યક્ષતા મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશનના સચિવ દ્વારા કરવામાં આવે છે.)

34. તાજેતરમાં કોના દ્વારા નાગપુરમાં બાલા સાહેબ ઠાકરે ગોરેવાડા આંતરરાષ્ટ્રીય પ્રાણી ઉદ્યાનનું ઉદઘાટન કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા

35. બાળકીઓને સશકત કરવા માટે 'પંખ અભિયાન' કયા રાજ્ય દ્વારા શરૂ કરવામા આવ્યું છે ? – મધ્યપ્રદેશ

36. બીજા વાર્ષિક નેગ્લેક્ટેડ ટ્રોપીકલ ડિસીઝ (NTD) દિવસ પર પ્રકાશિત થયેલા વિશ્વના 50 સ્થળોમાં ભારતના કયા સ્થાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો ? – કુતુબ મીનાર

37. ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફની જવાબદારી તાજેતરમાં કોના દ્વારા સંભાળવામાં આવી ?

– લેફટનન્ટ જનરલ ચંડીપ્રસાદ મોહંટી દ્વારા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT